# પ્રકરણ – ૫

# અમૃત ઘાયલની ગઝલમાં અભિવ્યક્તિવિશેષો

૧. વિરોધાભાસમૂલક અભિવ્યક્તિ

૨. દાવા દલીલ ટેક્નિક

૩. બોલચાલની ભાષા અને વિવિધશૈલી

૪. કહેવત અને રૂઢિપ્રયોગ

૫. અલંકાર

૬. મત્લા

૭. મક્તા

૮. રદીફ અને કાફિયા

૯. બહુર (છંદ)

૧૦. મુક્તકો

૧૧. ઘાયલની નઝમો

## ૧. વિરોધાભાસમૂલક અભિવ્યક્તિ

દાવા દલીલની ટેક્નિકની જેમ જ પરંપરામાં વિરોધાભાસ દ્વારા શેર રચવાની કળા પણ પ્રચલિત છે. શેરની પ્રથમ પંક્તિનો એક ભાવ, એક વિચાર, એક ચિત્રશબ્દ કે શબ્દસમૂહ રજૂ થાય અને બીજી પંક્તિમાં તેનાથી સાવ વિરોધી ભાવ, વિચાર કે શબ્દવિન્યાસ કવિ ગોઠવે અને એ વિરોધાભાસમાંથી શેરની શેરિયત પ્રગટ થાય. અમૃત 'ઘાયલ'ની ગઝલમાં વિરોધમૂલક અભિવ્યક્તિનું આગવું વૈવિધ્ય જોવા મળે છે. તેમની ગઝલોના શેરોમાં પરસ્પર વિરોધી સ્વભાવ દ્વારા ચમત્કૃતિ અને ચોટથી ભાવમાં તરબોળ થવાય એવા અનેક સુંદર ભાવોનું નિરૂપણ કરેલ છે. પોતાના આત્મકથનાત્મક શેરમાં હર્ષ અને શોક એમ બન્ને બાબત વિરોધાવી કેવી સુંદર વાત પ્રગટ કરે છે તે જુઓ :

***"શોકનો માર્યો તો મરશે ન તમારો 'ઘાયલ'***
***હર્ષનો માર્યો મરી જાય તો કહેવાય નહીં."***

*(પૃ.૧૨૬)*

સમાજમાં શાન્તિનો પ્રશ્ન આજે કાળઝાળ રૂપ લઈ રહ્યો છે અને આ અંગે ઘાયલની વિચાર વિરોધમૂલક અભિવ્યક્તિથી કેવી રીતે પ્રગટ થાય છે તે જોઈએ :

***"મને તે લોકથી છે વિશ્વશાન્તિની અભિલાષા,***
***કદી જેની નજરમાં શાન્તિ આવશ્યક નથી હોતી."***

*(પૃ.૧૩૦)*

એ જ રીતે કોઈ વ્યક્તિ આપણને કદી કોઈ નુકસાન ન પહોંચાડે અને એ જ વ્યક્તિ આપણને હેરાન કરે તો ? આ વિરોધમૂલક વાત ઘાયલના એક શેરમાં આ રીતે રજૂ થઈ છે.

***"તેઓ જ હાય, મારું મસ્તક ગયા ઉતારી,***
***આશા હતી જેઓથી કે દેશે હાથ આડા."***

*(પૃ.૧૩૬)*

ઝેર અને દવા બન્ને સામસામા છેડાના વસ્તુ છે. જીવન અને મૃત્યુમાં આ બન્નેનો સુમેળ ઘાયલની ગઝલમાં કેવો થયો છે તે માણવાલાયક છે.

***"પ્રેમમિશ્રિત ઝેર પણ દે તોય મારી ના નથી,***
***એ દવા ના આપ જેમાં પ્રેમની માત્રા નથી."***

*(પૃ.૧૬૦)*

ખાનગી વાત અંતે જાહેરમાં થતી વાત બન્ને વિરોધમૂલક દિશાઓ છે. તેથી ઘાયલ એક શેરમાં ખાનગી વાતથી કંટાળો અનુભવે છે. તેથી તે અંગે પોતે શું અનુભવે છે તે શેરમાં વિરોધાવી અને પોતાની વ્યથા પ્રગટ કરે છે.

***"જગતની ખાનગી વાતોથી કંટાળી ગયો છું હું***
***મને તું ત્યાં લઈ જા જ્યાં બધું જાહેર છે સાકી !"***

*(પૃ.૧૮૬)*

મઝધાર અને કિનારો બન્ને સ્થિતિમાં મજા નોંખી અનોખી હોય છે. ઘાયલ જેવા સર્જકને સમંદર મધ્યે જ ફાવ્યું છે. તેથી વિરોધાભાસી ટેક્નિક દ્વારા આ શેરની મજા કંઈ અલગ જ પ્રસ્તુત થઈ છે.

***"ફરી મન થાય છે જઈ પડું મઝધારના મુખમાં,***
***પરિસ્થિતિ વધુ ગંભીર ભાસે છે કિનારા પર."***

*(પૃ.૧૯૦)*

આમ ઘાયલસાહેબની ગઝલોમાં વિરોધમૂલક અભિવ્યક્તિ દ્વારા સુંદર રજૂઆત પ્રગટ થઈ છે. તેઓ ગઝલના હાર્દને જાણે છે તેથી આ ટેક્નિકનો ભરપૂર ઉપયોગ કરી સુંદર શેરોનું સર્જન કર્યું છે. થોડાક શેર વધુ જોઈએ :

***"આમ તો છું ફકીર પણ 'ઘાયલ'***
***ચાકરો બાદશાહ રાખું છું."***

*(પૃ.૨૨૯)*

*"નથી મળતો એ સરવાળામાં 'ઘાયલ'*
*મજા જે બાદબાકીમાં મળે છે."*

*(પૃ.૨૫૫)*

*"આ આયખુંય આગની એરણ છે દોસતો*
*એનાય માથે ખૂબ હથોડા પડ્યા હશે."*

*(પૃ.૩૨૪)*

*"અવરને મળી જાય મોતી સહેજે,*
*હું શોધું જો પથ્થર તો પથ્થર જડેના."*

*(પૃ.૩૯૫)*

## ૨. દાવા દલીલ ટેક્નિક :

દાવા અને દલીલની ટેક્નિક દ્વારા શેરમાં ચુસ્ત અને ચોટ આવી શકે છે. પ્રથમ મિસરામાં કશોક દાવો કરવાનો અને ત્યારબાદ બીજા મિસરામાં તેને અનુરૂપ પ્રતીતિકર અને જોરદાર દલીલ શોધી તેને પંક્તિનું રૂપ આપવાનું. આમ આ ટેક્નિક સરળ છે. પણ દલીલ જોરદાર ન હોય તો શેર અસરકારક ન બનતા શેર નબળો પડવાની શક્યતા વધારે છે. સંપૂર્ણ રીતે માપ તોલીને યોગ્યરૂપે આ ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવે તો સારું એવું પરિણામ આવે. ઘાયલસાહેબ જેવા સર્જક માટે આ ટેક્નિક દ્વારા શેર રચવા કોઈ મોટી બાબત નથી. તેમણે ઈયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ અનેક શેર રચ્યાં છે. જુઓ :

*"કેમ કંઈ પાષાણ હૃદયને કરતાનથી સાધુઓ અસર*
*કુદરત, તારા ઝરણાંઓ તો પથ્થરમાં પણ ફૂટે છે."*

*(પૃ.૧૨૪)*

ઉપરોક્ત શેરમાં પ્રથમ મિસરામાં પાષાણ હૃદયને અશ્રુઓ કેમ અસર નથી કરતા તેવો એક દાવો દ્વિધાપૂર્ણ રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે. બાદ તેની સામે દલીલ એવી છે કે ઈશ્વરને સંબોધીને કે તારાં ઝરણાં તો પથ્થરમાંથી પણ ફૂટે છે તો પાષાણયુક્ત, માણસનું હૃદય કેમ પીગળતું નથી જેથી આ શેરની આસ્વાદ્યતા કેટલી સુંદર રીતે વધી ગઈ છે.

એક અન્ય શેરમાં પણ 'આવે છે અંધકાર ભીતરમાં નજર મને' એ રીતે પોતાની ભીતર અંધકાર છે એવો દાવો કરવામાં આવે છે અને તેની સામે બળકટ દલીલ એવી છે કે 'તન શું મને મળ્યું છે, મળી છે કબર મને'. આમ પોતે કબરની જેવો અંધકાર મળ્યો છે એવી વાત કરીને ઘાયલે ટેક્નિકનો સુંદર ઉપયોગ કર્યો છે. જુઓ શેર :

***"આવે છે અંધકાર ભીતરમાં નજર મને,***
***તન શું મને મળ્યું છે ! મળી છે કબર મને."***

***(પૃ. ૧૨૨)***

જીવનમાં ખમીરનું હોવું એ એક અનૂઠી વાત છે અને તે દ્વારા માણસ શોભે છે. આમ દાવા–દલીલ ટેક્નિક દ્વારા આ વાત કેટલી ચોટદાર બની છે. તે અહીં માણી તેમ જ પ્રમાણી શકાય છે.

***"લાક્ષણિક અર્થ જેનો થાય છે જીવનનું ખમીર,***
***કોઈ ચમકી નથી શકતું એ ઝવેરાત વગર."***

***(પૃ. ૧૩૩)***

મન ઉદાસ હોય ત્યારે સુખ–દુ:ખમાં પલટાય જાય છે. ઘાયલસાહેબે આ વાત દાવા–દલીલ ટેક્નિકથી સુંદર રીતે રજૂ કરી છે. પ્રથમ ઉલા મિસરામાં તેઓ કહે છે : "મને મારા રૂદન કેરો આવિષ્કાર લાગે છે" એવું કહી એક દાવો રજૂ કરે છે અને ભાવકપક્ષે આપણે જે દલીલ સાંભળવાની છે તે કેટલી સુંદર અને ચોટદાર છે જુઓ

'દીપક જો ગાય છે કોઈ મને મલ્હાર લાગે છે.' આમ રૂદનમાં વ્યથિત મનોદશાને કયાંય ગમતું નથી એ વાત ઘાયલે આ શેરમાં સુંદર રીતે વણી છે જુઓ :

***"મને મારા રૂદન કેરો જ આવિષ્કાર લાગે છે,***
***દીપક જો ગાય છે કોઈ મને મલ્હર લાગે છે."***

***(પૃ.૧૩૫)***

આમ, ઘાયલની ગઝલમાંથી પસાર થતાં દાવા–દલીલ ટેક્નિકનો તેમણે ભરપૂર ઉપયોગ કરેલ છે. પોતે એક સિદ્ધહસ્ત ગઝલકાર હોવાથી તેમણે ગઝલમાં શેરને કયારેય આ ટેક્નિકથી નબળો પડવા નથી દીધો. આ અંગે અનેક શેરો વિશે લખી શકાય. તેમની શાયરીનો એક દમદાર રંગ દાવા–દલીલ ટેક્નિકમાંથી નિખાર પામે છે. આ અંગે થોડા સુંદર શેર આસ્વાદ સહી આ તકે માણીએ.

વિવિધ દાવાઓ કરીને સર્જકો ભાવકને દ્વિધામાં મૂક્યા કરે છે. બાદ એથી જોરદાર અને ચોટદાર દલીલ કરી ભાવકને રસતરબોળ કરી મૂકે છે. ઘાયલ જેવા દિગ્ગજ સર્જક પાસે આ ટેક્નિકનો અખૂટ ખજાનો છે. ઘણી વેળા સાવ મંજિલની નજીક પહોંચીએ અને કૈંક એવું થાય કે મંજિલથી દૂર જતા રહેવાય. એક શેરમાં તેઓ કહે છે....

***"ચક્કરના હાથે ભાગ્યનું ચક્કર ફરી ગયું !***
***આવ્યો કિનારો પાસ ને નૌકા ફરી ગઈ."***

***(પૃ.૧૧૯)***

ઉપરોક્ત શેરમાં ઘાયલસાહેબ જે દાવો કર્યો તેની સામે ભાગ્ય નસીબે કેવું વેર વાળ્યું છે. તેની દલીલ પ્રસ્તુત કરી. માંડ મંજિલ મળી કિનારો મળ્યો ત્યાં નૌકાનું સુકાન જ જાણે ફરી ગયું. જીવનમાં આવું બનતું હોય કે માણસ માંડ મુસીબતમાંથી બહાર આવે કે ત્યાં બીજી મુસીબત આવી જતી હોય છે. ત્યારે એવા માણસને દિવસે પણ તારા દેખાય છે. પણ ઘાયલ જેવા સર્જક તો તારલા જોવા કરતાં ગણવાની વાત કરે છે. દાવાદલીલ ટેક્નિક દ્વારા જ રચાયેલો વધુ એક શેર કૈંક આવો ભાવ લઈને આવે છે.

*"આ મજા કોણ ચખાડત મને આઘાત વગર,*
*તારલાઓ હું નિહાળું છું સદારાત વગર."*
*(પૃ.૧૩૩)*

કાવ્ય નાયકને આઘાત લાગેલ છે તેના ફલસ્વરૂપ કેવી પીડા મળી છે તેનો દાવો કર્યા બાદ તેમણે સુંદર દલીલ બીજા મિસરામાં આપી છે. જે આપણે જોઈ શકીએ છીએ.

પાપ અને પુણ્ય વિશે અનેક સર્જકોએ વિભાવનાઓ, વ્યાખ્યાઓ, વિચારો રજૂ કર્યાં છે. જ્યારે 'ઘાયલ' જેવા સર્જક આપણે પાપપુણ્ય વિશે વાત કરે છે ત્યારે તે માણવાલાયક હોય છે. તેમનો એક શેર છે.

*"રહેવા દો પાપ થોડાઘણાં પુણ્ય વાસ્તે,*
*ક્યાંથી કમળ નીપજશે જો કાદવ નહીં મળે !"*
*(પૃ.૧૫૯)*

પ્રથમ મિસરામાં થોડાક પાપ–પુણ્ય માટે રહેવા દો. જેવી રીતે કાદવમાં કમળ ખીલે છે તેવી જ રીતે પાપમાંથી પુણ્ય નિપજશે. એવો સુંદર વિચાર દાવા–દલીલ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ છે.

ભાગ્યમાં ઘણીવાર ધાર્યા કરતાં વધારે વિપદાઓ આવે છે. દુઃખી માણસને સતત વધારે દુઃખ પડે છે. આવી સ્થિતિને ઘાયલ સાહેબ એક શેરમાં રજૂ કરે છે.

*"ભાગ્ય ફૂટી ગયું છે તો શ્વાસ ઉપર જીવી જશું,*
*શીશો તૂટી ગયો ભલે, જામ હજૂ ચિક્કાર છે."*
*(પૃ.૧૮૬)*

પ્રથમ દાવો એવો છે. ભાગ્ય ભલે ફૂટી ગયું. ભલે ખરાબ છે. પણ શ્વાસ તો હજુ ચાલું છે ને તો શ્વાસ પર જીવી જઈશું. ભલે સુખ નથી પણ દુઃખમાં જીવન પસાર કરીશું તેવી રીતે શરાબ ભરેલો શીશો ફૂટી જાય પણ જામની અંદર તો શરાબ છે. આમ ઉપરોક્ત શેરની ભાવક અને વ્યંજના દાવાદલીલ ટેકૂનિક દ્વારા સુંદર રીતે નિરૂપિત થઈ છે.

અમૃત 'ઘાયલ' એક બળકટ શાયર હતા. તેઓ યુવાનીની ભાવદશાને ખૂબ જુસ્સાભેર રજૂ કરે છે. તેમનો એક શેર જુઓ.

***"જવાનીને હું વશમાં રાખું તો કેવી રીતે રાખું***
***અચાનક ઊઠતા તોફાનની એ લ્હેર છે સાકી !"***

***(પૃ.૧૮૬)***

જવાનીના જોશને વશમાં કઈ રીતે રાખી શકાય? એ દ્વિધા પૂર્ણ સ્થિતિ સાથે રજૂ કરી શાયરે એવી જ દમદાર દલીલ કરી છે તે જુઓ. જુવાની એટલે અચાનક ઊઠતું તોફાન છે તેની લ્હેર ગમે તેને તારા જ કરી શકે છે. આમ દાવા સાથે દલીલનું ઉચિત રજૂઆત થતાં શેર દાદને પાત્ર બન્યા છે.

પ્રણયમાં કોઈની યાદનું આવવું એ ખૂબ જ દુઃખમય સ્થિતિ છે. આ સ્થિતિને કવિ દાવાદલીલ ટેક્નિકનો સહારો લઈ કઈ રીતે રજૂ કરે છે તે જુઓ.

***"કોઈની યાદ મહીં એમ તડપે છે અશ્રું !***
***સમુદ્ર જાણે કે નૌકા વિહાર માગે છે."***

***(પૃ.૧૯૫)***

## ૩. બોલચાલની ભાષા અને વિવિધ શૈલી :

ગઝલનો એક અર્થ જ થાય છે કે બે પ્રેમીઓ વચ્ચે થતી વાતચીત. જેથી બોલચાલની ભાષાનો પ્રયોગ થવો ગઝલ માટે અનિવાર્ય છે. ગઝલમાં ગદ્યાત્મકતા આવે અને પ્રત્યાયનરૂપ ચોટ હોય તો આવકારી શકાય. ગઝલમાં સંવાદનું તત્ત્વ દશ્યમાન થાય કે પછી સંબોધન ઉદ્‌બોધન કે નાટ્યાત્મકકલા આવે તો વાતચીતના નવા પ્રાણ રેડાય. વાતાવરણ જીવંત બને પણ આ સમગ્ર બાબતમાં કાવ્યત્વ નિપજે તો જ સાર્થક છે નહિતર નર્યું ગદ્ય જ લાગે એવું ન બને તે પણ જોવું ઘટે. બોલચાલની ભાષાના આવા કેટલાંક ઉત્તમ ઉદાહરણો ઘાયલસાહેબની ગઝલોમાંથી મળી આવે છે. જેમાં ઉદ્‌બોધન દ્વારા એક

આગવી શૈલી દ્વારા અંદાજે–બયાંમાં વૈવિધ્ય ઊભું થયેલ જોવા મળે છે. તે અંગે થોડાક શેર :

*"હે નવજવાન ! એવી રીતે લડજે જંગમાં,*
*જેથી જીવનનો રંગ રહી જાય રંગમાં."*

*(પૃ.૧૨૧)*

◈◈◈

*"સાકિયા ! પીધા વગર તો નહીં ચાલે મુજને,*
*તું કહે તો હું ચલાવી લઉં દિનરાત વગર."*

*(પૃ.૧૩૩)*

◈◈◈

*"ઓ સમય, અંત મુજ સહેલ નથી,*
*જેટલું હોય એટલું કર જોર !"*

*(પૃ.૧૩૯)*

◈◈◈

*"ચાલ હે મોત, ચાલ જલદી ચાલ,*
*જીવ ચાલ્યો ન જાય તારી મોર."*

*(પૃ.૧૪૦)*

◈◈◈

*"હે ઉમંગો ! ન ઘસકો પ્રલોભન મહીં,*
*એમ સમજો કે મેં પાછી પાની કરી."*

*(પૃ.૧૫૮)*

◈◈◈

*"નાખુદાનો લઈ આશરો હે મૂરખ*

*આબરૂ કોડીની તે ખુદાની કરી.”*

*(પૃ.૧૫૮)*

◈◈◈

*“હે ત્યાગી ! ચાર દિવાલોમાં સર્વસ્વ તજી જે બેઠા છે,*
*તું એવા ત્યાગીઓ કેરા, સંસારની વાતો શું સમજે !”*

*(પૃ.૧૬૪)*

◈◈◈

*“ખેલ દિલથી ખેલનાર ! ઝખમરી સાથેય ખેલ,*
*એ દડા પણ ફૂલના છે કાંઈ કાંટા ના નથી.”*

*(પૃ.૧૬૮)*

◈◈◈

*“હે દોસ્ત ! દિલની વાત હસીને તું રાખમા,*
*છે જિન્દગીનો પ્રશ્ન બરાબર જવાબ દે.”*

*(પૃ.૧૮૨)*

◈◈◈

*“પ્રાણ તૈયારી કરી લે આબરૂ જાએ નહીં,*
*સ્નેહ ને સૌંદર્યનો આજે ફરી સંવાદ છે.”*

*(પૃ.૨૪૮)*

◈◈◈

*“પામ્યા જીવન તો તું જ કહે ખોટું શું થયું,*
*હે જીવ ! આપણી એ બહાને સફર થઈ.”*

*(પૃ.૩૬૮)*

◈◈◈

આમ, દોસ્ત, સાકી, ત્યાગી, જીવ વગેરે વાતચીત ઉદ્‌બોધનનો દ્વારા એક વિશિષ્ટ લઢણ અખત્યાર કરી શેરમાં માધુર્ય પેદા કર્યું છે.

ઉદ્‌બોધન અને સંબોધનની જેમ ગઝલમાં બીજી ઘણી યુક્તિ–પ્રયુક્તિ ઘાયલની ગઝલમાં જોવા મળે છે. તેમાં કથનની સચોટતા પ્રગટ કરવા વિવિધ શબ્દો પ્રથમ યાદી ઉલા મિસરામાં મૂકવામાં આવે છે તે જ રીતે ઉલા મિસરાને ભરચક કરી સાની મિસરામાં ભાવને વધુ ઘટ્ટ બનાવવામાં આવે છે. આ રીતે શેરને વધુ સુંદર રીતે બનાવી વિચારોનું પ્રાગટ્ય કરવામાં આવે છે. જે નમૂનારૂપે થોડાક શેર જોઈએ :

***"સૌંદર્ય છે, ચમન છે, સંગીત છે, સુરા છે,***
***લાખો બહરની છે મારી બહાર આજે."***

***(પૃ.૧૧૦)***

◈◈◈

***"દરદ મીઠું, જલન મીઠી, તડપ મીઠી, વ્યથા મીઠી,***
***અરે કુરબાન દિલ લાખો પ્રણયની દિલસત્તાની પર."***

***(પૃ.૧૦૯)***

◈◈◈

***"આંખડી ભોળી, વદન ભોળું, અદાઓ ભોળી***
***પ્રાણ એ રૂપ હરી જાય તો કહેવાય નહીં."***

***(પૃ.૧૨૬)***

◈◈◈

***"આંખમાં અશ્રુ, જિગરમાં ઝખ્મ, દિલમાં વેદના,***
***સર્વ વાતે છું સુખી કાંઈ મને ચિંતા નથી."***
***(પૃ.૧૬૮)***

◈◈◈

***"નહીં મસ્તી, નહીં સાહસ, નહીં પૌરુષ, નહીં ઓજસ,***
***અમારી જિંદગીને મોતમાં શો ફેર છે સાકી."***

***(પૃ.૧૮૬)***

◈◈◈

***"ગલત જીવન, ગલત આશા, ગલત સંસારની માયા,***
***અમારી સાથ આ કેવી પ્રભુ તારી ઠગાઈ છે."***

***(પૃ.૨૩૪)***

ઉપરોક્ત તમામ શેરોમાં આ રીતે ઉલા મિસરામાં ભરચક કરી તેમની પાસેથી પૂર્ણ રીતે કામ લેવામાં આવે છે. આ રીતિ દ્વારા અનેક શેરોનું સર્જન ઘાયલની ગઝલમાં જોવામાં આવે છે.

ઘાયલ સાહેબની ગઝલમાં એક વિશિષ્ટ શૈલી એ પણ જોવા મળે છે. જેની અંદર ઉલા મિસરા અને સાની મિસરાના પ્રથમ શબ્દને બન્ને મિસરાની વાત શરૂ થાય છે. જે દ્વારા તેઓ લયની એક સુંદર ભાત અને વિચાર કે ભાવને વિવિધ રીતે વળાંક આપતા નજરે પડે છે. તેઓ આ રીતિ દ્વારા અઢળક શેરો લખ્યા છે. ઉદા. તરીકે જોઈએ :

***"ન્યાય આવો ના ખપે, આ ન્યાયને ફેંકી દિયો !***
***ન્યાયની સામે વળી પોકાર કોઈ શું કરે !"***

***(પૃ.૧૬૩)***

◈◈◈

***"દોસ્ત તારા દોસ્ત જૂના છોડમા,***
***દોસ્ત, સૌ જૂના નવા દુશ્મન થશે."***

***(પૃ.૧૬૯)***

◈◈◈

*"કંઈ અનોખો હિસાબ છે મારો,*
*કંઈ અનોખો જ રાહ રાખું છું."* (પૃ.૨૨૯)

◈◈◈

*"માણસાઈ જ ક્યાં હવે 'ઘાયલ',*
*માણસાઈ ખલાસ થઈ ગઈ છે."*

(પૃ.૨૮૯)

◈◈◈

*"સામે જ પૂરે ચાલવાવાળા છે સાથિઓ,*
*સામે જ પૂરે આપણા ઘોડા પડ્યા હશે."*

(પૃ.૩૨૦)

◈◈◈

*"વહાલપભર્યા હોય તો સેરવી દે,*
*વહાલપવિહોણા વચન છીનવી લે !"*

(પૃ.૩૪૮)

◈◈◈

*"રંજ પીધા પછી ભલા કેવો,*
*રંજ પણ થઈ જશે ખુશાલી પી."* (પૃ.૧૧૮)

◈◈◈

*"કોણ જાણે મન મૂંઝાય છે વારે ઘડી,*
*કોણ જાણે કોણ આવી ને સતાવી જાય છે."*

(પૃ.૧૧૫)

◈◈◈

ઘાયલસાહેબની ગઝલમાં શબ્દદ્વિરુક્તિ વાક્યના પુનરાવર્તન દ્વારા ભાવ અને લયને વિશિષ્ટ રીતે પ્રગટ કરતી શૈલી પણ દષ્ટિપાત થાય છે. તેઓ એક જ શેરમાં એક

શબ્દ અલગ–અલગ રીતે રજૂ કરી તેના ભાવ અને અર્થ તેમજ લયમાં અલગ રીતે વળાંક આપી પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે શેરમાં એક આગવું સૌંદર્ય અને ભાવની વિશિષ્ટ ભાત ઊભી થતી જોવા મળે છે. આ અંગે દૃષ્ટાંતરૂપે થોડા શેર જોઈએ.

*"વગોવે ભલે મિત્રો 'ઘાયલ' વગોવે,*
*હતું નામ શું કે વગોવાઈ જાશે !"*

*(પૃ.૧૧૭)*

◈◈◈

*"બાગ અકળાય છે બાગ છોડો હવે,*
*બાગબાનો બહું બાગબાની કરી."*

*(પૃ.૧૫૮)*

◈◈◈

*"માલમીને ય એ તો પાર કરે,*
*માલમીનીય માલમી તે ગઝલ."*

*(પૃ.૩૯૧)*

◈◈◈

*"જુવાનીના સોગન ! જુવાનીના મદમાં,*
*જુવાની ઉપર પણ જુલમ થઈ ગયો છે."*

*(પૃ.૨૭૫)*

◈◈◈

*"હતી ક્યાં હારની પરવા ? હતી ક્યાં જીતની ઈચ્છા,*
*હતો આ જીવ પણ જબરો જુગારી ! યાદ આવે છે."*

*(પૃ.૩૨૬)*

◈◈◈

***"કદિક શોકના અશ્રુ, કદિક હર્ષ તણીં,***
***કદિક પગમાં તિખારા, કદિક પગમાં રતન."***

***(પૃ.૧૧૬)***

◈◈◈

***"કેવી એ પ્રેમવાતો કેવી એ રીતભાતો !***
***કેવી એ ભીની રાતો વીતી ગયા દહાડા."***

***(પૃ.૧૩૬)***

આમ, વિવિધ યુક્તિ પ્રયુક્તિ દ્વારા વાતને વળ ચઢાવી ઘાયલ પદ્ય અને ગદ્યનો સુંદર સુમેળ રચી શેરને વધુને વધુ આસ્વાદ્ય બતાવે છે. વાતચીતના વિવિધ લહેકાઓ જેમકે તો જે, લોહે, ચાલ વગેરે દ્વારા કાવ્યમાં વિશિષ્ટ બાની પ્રયોગ કરે છે.

ઘાયલસાહેબની ગઝલમાં શબ્દલયનો સુંદર વિનિયોગ જોવા મળે છે. તેમણે રવાનુકારી શબ્દો અને ઘણીવાર એકના એક શબ્દનો લેવડાવી દ્વિરુકતી દ્વારા શબ્દ પાસે સુંદર કામ લીધું છે. તે દ્વારા ભાવને વધુ ઘટ્ટ બનાવી ભાવકને વધુ રસતરબોળ કર્યા છે. આ અંગે થોડાક શેર જોઈએ.

***"કાળી કાળી જુલ્ફ 'ઘાયલ' રાતભર,***
***ગોરા ગોરા ગાલને ડસતી રહી."***

***(પૃ.૩૬૭)***

◈◈◈

***"તોબા તોબા મ્હેક જુલ્ફોની,***
***ધોળે દિવસેય રાત મ્હેકે છે !"***

***(પૃ.૩૬૭)***

◈◈◈

*"કંટાળ્યો છું દોડી દોડી,*
*લાવ સુરા, થોડી તો થોડી."* *(પૃ.૩૭૩)*

◈◈◈

*"કૌતુક કૌતુક કેવળ કૌતુક,*
*કણ કણ ખુલ્લી કાયા જેવું."*

*(પૃ.૪૦૨)*

વાક્યના વિવિધ પ્રકારોથી પણ ગઝલના ભાવવિશ્વને અભિવ્યક્ત કરવા 'ઘાયલ' સાહેબે સુંદર યુક્તિ–પ્રયુક્તિ રચી છે. જેમાં વિધાન નકાર, વાક્યાંશોનો પણ ઉપયોગ કરેલ જોવા મળે છે.

**વિધાનવાચક :**

*"પુષ્પમાં ધબકી રહેલો પ્રાણ છું,*
*રંગમાં ખુશબોમાં સદા રમમાણય."*

*(પૃ.૨૨૩)*

◈◈◈

*"કાજળભર્યા નયનના કામણ મને ગમે છે,*
*કારણ નહીં જ આપું કારણ મને ગમે છે."*

*(પૃ.૩૧૩)*

◈◈◈

*"ખુશીથી જે કંઈ પણ વીતવાની હોય તે વીતે,*
*નહીં, હરગીજ નહીં, જીવી શકું હું બેવડી રીતે."*

*(પૃ.૩૧૬)*

**નકારવાચક :**

*"એ ખુશ્બો યાદ નથી તેમ રંગ યાદ નથી,*
*એ મારા અંગ હતા, કિન્તુ અંગ યાદ નથી."*

*(પૃ.૨૫૨)*

◈◈◈

*"પૂછો નહીં કે આજ તો ક્યાં નીકળી ગયા,*
*કાજળને સ્પર્શવા જતાં કામણમાં જઈ ચડ્યો."*

*(પૃ.૩૨૨)*

◈◈◈

*"ન લાગે કેમ મીઠો કંઠ આ સાગર કિનારાનો ?*
*ભળ્યા છે એ અહીં ઝરણાં તણા કબનાદના છાંટા."*

*(પૃ.૩૨૮)*

◈◈◈

નકાર તેમજ વિધાન વાક્યો દ્વારા ઘાયલ સાહેબ ભાવને વિશિષ્ટ રીતે નિપજાવ્યો છે. માત્ર આછા લસરકાથી સુંદર ભાવચિત્ર ઉપસાવ્યું છે.

પ્રશ્નાર્થ વાક્યો દ્વારા ઘાયલ સાહેબ અનેક શેરમાં ભાવકોને આકરા વ્યંગ્ય કરીને મૂજવ્યા છે. ઘાયલ બે પ્રેમીઓ વચ્ચે જમાનો કેવો દીવાલ બનીને ઊભો છે ? તે આ પ્રશ્નાર્થ વાક્ય દ્વારા કેવી રીતે પ્રશ્ન કર્યો તે જુઓઃ

**પ્રશ્નાર્થવાક્ય :**

*"જમાનો કોણ જાણે વેરવાળે છે કયા ભવનું ?*
*મળે છે બે દિલો ત્યાં મધ્યમાં દીવાલ રાખે છે."*

*(પૃ.૩૩૪)*

થોડાક બીજા શેરો જોઈએ પ્રશ્નાર્થ વાક્યો જેમાં કેવી રીતે ઉપયોગમાં લેવાયા છે.

*"કરે એ તો કયા મોઢે ? કરીએ રાવ જઈ કે'ને ?*
*અમે અર્થ કરે, આ પ્રીતની જડા વહોરી છે."*

*(પૃ.૩૩૩)*

આ ઉપરાંત આજ્ઞાર્થે તેમજ ઉદ્ગાર વાક્યો વિવિધ ગઝલમાં કઈ રીતે નજરે ચડે છે તે જોઈએ જે દ્વારા શેરમાં કઈ રીતે ભાવ, વિચાર, વ્યક્ત થયો છે વિરોધાભાસ તેમજ ઉદ્ગાર બને સ્થિતિમાં ઘાયલ સાહેબ શેર કહ્યો છે જેમાં વિસ્મયનું એક અનેરું જગત જોવા મળે છે.

*"વિસ્તર્યા વિણ બધેય છાયો છું !*
*હું અજબ રીતથી ઘવાયો છું !"*

*(પૃ.૩૦૭)*

◈◈◈

*"પગવાળી, બેસી જાઉં તો પગથાર હોઉં છું;*
*ભરવા ચહું જો ડાંફ, ક્ષિતિજ પાર હોઉં છું !"*

*(પૃ.૩૧૧)*

આમ, ઘાયલ સાહેબની ગઝલમાં બોલચાલની ભાષાનું સાયુજય વિવિધ ઉદ્બોધન અને ઉદ્ગારો દ્વારા કાવ્યનાયકનો વિશિષ્ટ અવાજ, તો કયારેક વિવિધ ભાષાકીય લઢણોથી સંગીતતત્ત્વને નિપજાવવાની પ્રયુક્તિ ગઝલના શેરને ઉત્કૃષ્ટ બનાવે છે. શબ્દ અને ભાષની વિવિધ યોજનાનો ઉપયોગ કરી શાયર પોતાના ભાવવિશ્વને ગઝલમાં મૂકી આપે છે.

## ૪. કહેવત અને રૂઢિપ્રયોગ :

ઘાયલ સાહેબ સૌરાષ્ટ્રની બોલી બરાબર પીછાણે છે. જેના લીધે તેમણે તળપદભાષાના હાર્દ અને વિવિધ રંગ તેમણે પૂરેપૂરાં ઉતાર્યા છે. તેના કારણે તેમણે અનેક શેરમાં વ્યંગ્ય અને વક્રતા લાવવા રૂઢિપ્રયોગો તેમજ કહેવતોનો બખૂબી ઉપયોગ

કર્યો છે. જે દ્વારા જનમાનસની દશા અને દિશાનો નકશો તેમના શેરમાં અવતરીત કર્યો છે. આ અંગે અનેક શેર દ્વારા તેમની પ્રસ્તુતિમાં તે જોઈ શકાય છે. થોડા શેર આચમન સ્વરૂપે અહીં જોઈએ. 'ઉઠતી બજાર' જેવા રૂઢિપ્રયોગને આ સર્જકે કેવો અહીં સુંદર રીતે લડાવ્યો છે તે જુઓ :

***"ઉરભાવ કોઈભાવે ચાહે છે જીવ દેવા,***
***થઈ ગઈ છે જિન્દગાની ઉઠતી બજાર આજે."***

***(પૃ.૧૧૦)***

'લોઢાના ચણા ચાવવા' એટલે મુશ્કેલીપૂર્ણ કાર્ય કરતી વેળાએ કેવી અવદશા થાય છે તે બાબતને ઘાયલે પોતાના શેરમાં કેવી સુંદર રીતે પ્રસ્તુતિ કરી છે.

***"પડ્યો છે શું કઠણ મનથી પનારો,***
***હું લોઢાના ચણા ચાવી રહ્યો છું."***

***(પૃ.૧૪૭)***

આપણે ત્યાં એક બહુ પ્રચલિત કહેવત છે કે 'જેવું કરો તેવું ભરો' આ ન્યાયે ઘાયલે એક સુંદર શેર પ્રસ્તુત કર્યો છે.

***"જેવું કરશે તું પામશે એવું,***
***હાથમાં નર્ક છે તે પરમપદ છે."*** ***(પૃ.૧૫૧)***

આજ રીતે તેમણે 'વાની સાતે વાતો કરવી', 'મુખમાં રામ બગલમેં સુરી', 'આબરૂના કાંકરા કરવા', 'દૂધનો દાઝેલો છાશ ફૂંકી ફૂંકી પીવે', 'કરણી તેવી પાર ઉતરણી', 'લાખો નિરાશામાં અમર આશા છૂપાઈ છે', 'વિશ્વાસથી વહાણ ચાલે', 'ધૂળ ધોયાનો ધંધો', 'રામને ખબર', 'રામભરોસે', 'ટાઢે કોઠે ચૂર કરવો' વગેરે જે અનેક કહેવતો અને રૂઢિપ્રયોગનો તેમણે બખૂબી સુંદર રીતે ઉપયોગ કર્યો છે. તે દ્વારા 'ભાવની સઘનતા, વ્યગ્યં, કટાક્ષ વગેરે દ્વારા ભાવકને પોતાની વાત પહોંચાડી છે. આ અંગે થોડાક શેર જોઈએઃ

*"મસ્તીમાં આગળ વિચારતો જાઉં છું,*
*વાની સાથે વાતો કરતો જાઉં છું."*

*(પૃ.૧૨૨)*

◈◈◈

*"સમાજ આપણો ભાવિક નથી, ફિતૂરી છે,*
*છે મુખમાં રામ પરંતુ બગલમાં છૂરી છે."*

*(પૃ.૧૭૫)*

◈◈◈

*"લાભ વિના લોટે નહીં લાલ,*
*ઢાળ નિહાળી લોક ઢળે છે."*

*(પૃ.૧૭૭)*

◈◈◈

*"થાય છે માજા મૂક્યેથી આબરૂના કાંકરા,*
*સિન્ધુ શું કે બિન્દુ એમાં કોઈની શોભા નથી."*

*(પૃ.૧૮૪)*

◈◈◈

*"પરિવર્તન થયું છે મૂલ્યમાં એવું કે બસ તોબા,*
*હતા જે લાખના તે ત્રાંબિયાના તેર છે સાકી !"*

*(પૃ.૧૮૬)*

◈◈◈

*"હું દૂધનો દાઝેલો છું મન ! ફૂંકી પીઉં છું છાશને પણ,*
*દુનિયા કેરો ! તો શું મુજને દિલ કેરો પણ ડર લાગે છે."*

*(પૃ.૧૯૩)*

◈◈◈

*"કરણી એવી જ પાર ઉતરણી,*
*જિન્દગી એટલે સવાલ–જવાબ."*

*(પૃ.૨૩૦)*

◈◈◈

*"અમારે આશકોને દોસ્ત આશા શું ? નિરાશ શું ?*
*ભલે 'લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે."*

*(પૃ.૨૩૪)*

◈◈◈

*"વિશ્વાસથી વહાણ તર્યું આજ દિ સુધી,*
*પણ ક્યાં હવે યકિત હવે થાય તે ખરું !"*

*(પૃ.૨૪૯)*

◈◈◈

*"ધૂળ ધોયાનો ધંધો લૈ બેઠા,*
*આપણું ધૂળમાં જ ધોવાયું."*

*(પૃ.૨૭૦)*

◈◈◈

*"આ જ વમળમાં મેં તો હોડી,*
*રામભરોસે દીધી છોડી."*

*(પૃ.૩૭૩)*

◈◈◈

*"પ્રથમ પાવ 'ઘાયલ'ને થોડી મદિરા,*
*પછી એને પૂરો કરો ટાઢે કોઠે."*

*(પૃ.૩૯૭)*

◈◈◈

*"મને આદત પડી ગઈ છે લોહી ઉકાળાની,*
*યદિ પીતો નથી હું આગ તો ઠંડક નથી હોતી."*

*(પૃ.૧૩૦)*

◈◈◈

***"નવાઈ છે, મળે છે એય ટોળામાં હવે 'ઘાયલ'***
***અમે તો સાંભળ્યું'તું : સિંહનાં ટોળાં નથી હોતાં."***

'સિંહનાં ટોળાં નથી હોતાં' જેવી કહેવત છે જેનો સામાન્ય અર્થ તો એવો થાય કે સમર્થ વ્યક્તિઓનો સમૂહ જોવા નથી મળતો. આવી કહેવત જાણે ખોટી પડતી હોય એવી શંકા અહીં સર્જક વ્યક્ત કરે છે.

ઘણીવાર ઘણી વસ્તુ હૈયે તો હોય પણ હોઠે નથી આવતી આવી કહેવત પણ આપણે ત્યાં પ્રચલિત છે. આ કહેવતને અહીં ઘાયલસાહેબ કેવી રીતે વ્યક્ત કરે છે તે જુઓ :

***"હોય હૈયે છતાં ઘણીવેળા,***
***શીઘ્ર ના હોઠે નામ આવે છે."***

*(પૃ.૭૬૮)*

આ ઉપરાંત પણ ઘણી કહેવતો તેમની ગઝલમાં જોવા મળે છે. 'અતિ સર્વત્ર વર્જયંતે' ડૂબતો માણસ તરણું ઝાલે આંખ આડા કાન કરવા જેવી ઘણી કહેવતોનો ઉપયોગ અહીં જોવા મળે છે.

## ૫. અલંકાર :

અમૃત 'ઘાયલ'ની ગઝલોમાં વિષયોનું વૈવિધ્ય તેમજ નાવિન્ય તો ખૂબ રસપ્રદ છે જ સાથોસાથ તેમની આગવી રજૂઆત પણ એટલી રમ્ય છે. અભિવ્યક્તિનાં તમામ ઉપકરણો–જણસોને ધ્યાનમાં રાખીએ ત્યારે આ વાતની પ્રતીતિ થાય છે. નોખું–નિરાળું,

ભાષાકર્મ તેમજ તેની સાથે ઉપમા, ઉત્પ્રેક્ષા, સજીવારોપણ, રૂપક, અતિશયોક્તિ, વર્ણાનુંપ્રાસ, અંત્યાનુંપ્રાસ, આંતરપ્રાસ જેવા અલંકારોથી ગઝલમાં કાવ્ય પદાર્થની આગવી મુદ્રા આપણી સામે પ્રસ્તુત થાય છે. ઘાયલસાહેબની ગઝલમાં રૂપક અલંકારોનો અઢળક ઉપયોગ જોવા મળે છે તેમાંથી થોડાંક ઉદા. અત્રે જોઈએ.

*"અશ્રુ ક્યાં અશ્રુના વહનમાં છે ?*
*લાશ અરમાનની નયનમાં છે."*

*(પૃ.૧૬૨)*

◈◈◈

*"છેડીને કોઈ જોઈ લે હસ્તીના વાદ્યને,*
*રાગો ભર્યા અનેક છે એ મોર ચંગમાં."*

*(પૃ.૧૨૧)*

◈◈◈

*"કરો છો યાદ કે ભૂલી ગયા છો 'ઘાયલ'ને*
*નયન–દીપક અને અક્ષર પતંગ છે કે નહીં!" (પૃ.૧૪૯)*

◈◈◈

*"પુખ્ત એ ના બની તે ના જ લગી,*
*વિશ્વ ઉપવનમાં મૂજ કળી દિલની."*

*(પૃ.૧૫૦)*

◈◈◈

*"સળગતી હોળીઓ ઉરની તમે જોઈ નથી 'ઘાયલ',*
*જગત તો માત્ર તેમાંથી ખરેલો એક તિખારો છે."*

*(પૃ.૧૭૦)*

◈◈◈

***"ઉર વગડો છે પણ વગડામાં સામગ્રી સાધન બાકી છે,***
***ઈંધણ તો ઈંધણ બાકી છે ચંદન તો ચંદન બાકી છે."***

***(પૃ.૧૮૨)***

આમ, રૂપક અંગેનાં ઢગલાબંધ ઉદાહરણો આપણી સમક્ષ આવે છે. જેના દ્વારા ઘાયલસાહેબે પોતાની ગઝલમાં અનેક માર્મિક અને ચોટદાર શેર આપ્યા છે. રૂપકની જેમ જ ઉપમા ઉત્પ્રેક્ષા જેવા અલંકારોનો પણ સુંદર રીતે પોતાની ગઝલમાં વણી લીધા છે.

***"એમ ઊઠી વાદળીથી વીજળી,***
***રૂપની જાણે સવારી નીકળી."***

***"વદન ગોળ ગોરંભલું આભ જાણે,***
***અધર ચકચકિત વીજ જાણે અષાઢી."***

***"ગમ છતાં યે ગમ મહી ગુલતાન છે,***
***શાપમાં જાણે ધૂપ વરદાન છે."***

***(પૃ.૧૫૪)***

ઉપરોક્ત ઉદાહરણો ઉત્પ્રેક્ષા અલંકારનાં છે. પણ ઘાયલની ગઝલને શોભાયમાન બનાવે છે. એ જ રીતે અતિશયોક્તિ અલંકારનાં થોડાંક ઉદાહરણ આ તકે જોઈએ :

***"ક્યારેક ભલા શમે છે તોફાન ઊર્મિઓનાં,***
***એક ઊર્મિ ઉતરે છે તો લાખો ઉછળે છે !"***

***(પૃ.૧૮૫)***

*"પાણીથી ઉરતૃષા નહીં બૂઝે !*
*મ્હેરબાની જો આગ લઈ આવો."*

*(પૃ.૨૫૦)*

◈◈◈

*"તરંગ ઊઠો સુરાલયથી રંગ લઈ આવો,*
*દશાને આજ જરા હળવી ફૂલ કરવી છે."*

*(પૃ.૩૪૨)*

ઘાયલસાહેબની ગઝલમાં સજીવારોપણ અલંકાર પણ એટલા જ સહજ અને સુંદર રીતે પ્રયોજાય છે. તે દ્વારા ભાવની ગૂંથણી ખૂબ જ સર્જનાત્મક લાગે છે. જે સબબ બેક ઉદાહરણ જોઈએ :

*"સમડી સમયની આડ લઈ અંતરિક્ષની,*
*ચૂંથી રહી છે વિશ્વનું મન ! રાત તો જુઓ."*

*(પૃ.૩૫૭)*

◈◈◈

*"કર ભૂલથી જો હુકમ કીકીએ !*
*ધજા થઈને રસ્તામાં ફરકે તિમિર !"*

*(પૃ.૩૫૬)*

ઘાયલ સાહેબ પોતાની ગઝલમાં ઘણીવાર સ્તુતિ બહાને નિંદા અને નિંદાને બહાને વખાણ કરતા જોવા મળે છે. અનેક શેરમાં પોતે વ્યાજસ્તુતિ, અલંકારનો યોગ્ય સમયે અને સ્થળે ઉપયોગ કરી વ્યંગ્ય, વક્રતા અને કટાક્ષ રજૂ કરે છે. જે સબબ થોડાંક ઉદાહરણો જોઈએ :

*"સુધરતા જાય છે લોકો બગડતી જાય છે દુનિયા,*
*ખબર પડતી નથી આ તે સડો છે કે સુધારો છે ?"*

*(પૃ.૧૭૧)*

◈◈◈

*"મુજ ઉદયને અસ્તનું 'ઘાયલ' અલૌકિક છે વલણ,*
*મોત એ મારા જીવનની છે ઉષા, સંધ્યા નથી."*

*(પૃ.૧૬૮)*

◈◈◈

*"રંજ પીધા પછી ભલા કેવો,*
*રંજ પણ થઈ જશે ખુશાલી પી."*

*(પૃ.૧૧૮)*

આમ, અન્ય અલંકારોમાં પ્રાસલક્ષી અલંકારોમાં વર્ણાનુંપ્રાસ, અંત્યાનુપ્રાસ, શબ્દાનુપ્રાસ કે આંતરપ્રાસ થકી સિદ્ધ થતો તરન્નુમાં લય ઘાયલસાહેબની ગઝલનું એક આગવું લક્ષણ છે. આ અલંકારોમાં શબ્દ અને વર્ણની પસંદગીમાં ઔચિત્યને લક્ષમાં લઈ લયની એક આગવી ભાત ઊભી થયેલ જોવા મળે છે. પ્રાસાનુપ્રાસ થકી પ્રગટ થતા આ અલંકારો બાહ્ય રીતે ગઝલના દેહને સુંદર બનાવે છે. ઘાયલસાહેબ રજૂઆતના મર્મી માણસ તેથી આ અલંકારોની ખૂબ સુંદર રીતે અભિવ્યક્તિ થઈ છે. જે સબબ થોડાંક ઉદાહરણો જોઈએ :

*"જેવી હૃદય–મતિ છે એવી જીવનગતિ છે,*
*એક જ પરિસ્થિતિ છે અંદર બહાર આજે."*

*(પૃ.૧૧૦)*

◈◈◈

*"કોણ જાણે કેમ મન મૂંઝાય છે વારે ઘડી,*
*કોણ જાણે કોણ આવીને સતાવી જાય છે."*

*(પૃ.૧૧૫)*

◈◈◈

*"કેવી એ પ્રેમવાતો, કેવી એ રીતભાતો,*
*કેવી એ ભીની રાતો, વીતી ગયા દહાડા."*

*(પૃ.૧૩૬)*

◈◈◈

*કાં પ્રાણ બની, કા પ્રીત બની, કાં બીનબની, કાં ગીત બની,*
*ક્યારેક હું મનનો મિત બની સંસારમાં વસવા આવું છું."*

*(પૃ.૨૫૯)*

◈◈◈

ગઝલમાં ઉપરોક્ત શબ્દાનુપ્રાસ અલંકાર ઘણા શેર મળી આવે છે. અહીં પદાવલીમાં એક પ્રકારનું માધુર્ય ઊભું થાય છે એ જ રીતે ગઝલમાં પ્રથમવર્ણથી શરૂ થતા શબ્દ અને તે દ્વારા પ્રગટ થતી પદાવલીનું પણ એક આગવું સંમોહન છે. જે દ્વારા ભાવ વધુ પ્રવાહી અને નજાકત ભર્યો બને છે તેમ જ કાવ્યમાં સંગીત પ્રગટે છે. વર્ણાનુપ્રાસ અલંકાર આ નિમિત્તે થોડાંક ઉદાહરણ જોઈએ :

*"મોક્ષ પર મરનાર મૂરખ માનવી,*
*શું થશે જો મોક્ષ પણ બંધન થશે !"*

*(પૃ.૧૬૯)*

◈◈◈

*"કરી લે કાર્ય કરવાનાં કરી લે !*
*જીવન 'ઘાયલ' ઘડી બે ઘડી છે."*

*(પૃ.૧૪૮)*

◈◈◈

*"ભરોસે ભાંગી માર્યા છે અમોને,*
*ભરોસો કેમ હે ભગવંત આવે ?"*

*(પૃ.૧૯૧)*

◈◈◈

*"બોલાવતો હતો તે બપૈયો બળી મૂઓ,*
*બબડી રહી છે બોખી બખોલો ? શું બોલીએ."*

*(પૃ.૩૭૭)*

આમ, ઉપરોક્ત શેરોમાં 'મ', 'ક', 'ભ', 'બ', જેવા વર્ણોથી શબ્દોની શરૂઆત થતાં કાવ્યમાં આગવું સંગીત ઊભું થાય છે તે જોઈ શકાય છે.

અમૃત ઘાયલની ગઝલોમાં અલંકારનો અખૂટ ખજાનો છે. તેમની ગઝલબાની ખીલવતાં સહજ ઉદાહરણો જોઈએ.

**✱ ઉપમા અલંકાર :**

મનની સ્થિતિ વર્ણવવા સર્જકે ફૂલ અને પથ્થર એમ બે મિસરાથી વિવિધ ભાવદશા વર્ણવીને ઘાયલસાહેબ આ અલંકાર સુંદર રીતે પ્રયોજે છે તે અંગેનો શેર જુઓ.

***"મન ઠેકાણે હોય તો અવસર ફૂલો જેવા લાગે છે,***
***મન ઠેકાણે હોય નહીં તો પથ્થર પેઠે લાગે છે."***

*(પૃ.૬૦૪)*

એ જ રીતે બીજુ ઉદાહરણ જોઈએ.

*"તાસીર એમનીય હતી ઝાંઝવા સમી,*
*પાસે ગયો તો ગઈ જ સરી દૂર વાદળી."*
*(પૃ.૬૫૯)*

ઘાયલસાહેબે તાસીર ને ઝાંઝવાનું ઉદાહરણ આપી મનની મૂંઝવણ પ્રગટ કરી છે. તે દ્વારા ભાવની ઊંચાઈ પામવાનો સુપેરે પ્રયત્ન જોવા મળે છે.

**❋ ઉત્પ્રેક્ષા અલંકાર :**

*"અજબ છે શાયરીનો તોર સાકી,*
*નશાનો જાણે ચડતો પોર સાકી."*

ઉત્પ્રેક્ષા અલંકારની વિશિષ્ટ સંભારતા પ્રસ્તુત કરતા ઉપરોક્ત શેરમાં નશાને જાણે દિવસનો ચડતો પોર કહ્યો છે.

**❋ શ્લેષ અલંકાર :**

*"નખથી ધરતી ખોતરું છું હાલમાં,*
*હાલથી લાજી મરું છું હાલમાં."*

હોલમાં અને 'હાલથી' બન્ને શબ્દને સુંદર રીતે વણી અહીં ઘાયલ સાહેબે પોતાની અવઢવભરી સ્થિતિ પ્રસ્તુત કરી છે. જેથી અહીં સુંદર શ્લેષ અલંકાર જોવા મળે છે.

**❋ સજીવારોપણ અલંકાર :**

*"બે પગા છે માત્ર પડછાયા અને માલૂમ છે,*
*એ કદી વહારે નથી ધાયા મને માલૂમ છે."*
*(પૃ.૭૩૧)*

પડછાયા નિર્જીવ છે છતાં કવિએ તેને બે પગા કહી સજીવારોપણ અલંકાર મૂકી વાતમાં વક્રોક્તિ પ્રસ્તુત કરી છે. પડછાયા કદી મદદ ન કરી શકે તેથી વાત કેટલી સહજતાથી મૂકી આપી છે.

✱ રૂપક અલંકાર :

*"છે વાદળોનાં ઝૂંડ બરફ કેરાં જાણે વન,*
*ને ગાજવીજ વાઘની વિકરાળ ત્રાડ છે."*

*(પૃ.૮૪૮)*

પ્રથમ મિસરામાં વાદળોના ઝૂંડને બરફ કેરા વનની સામ્યતા દર્શાવી કાવ્યત્વને કેટલું બળકટ બનાવ્યું છે અને એ જ રીતે બીજા મિસરામાં ગાજવીજને કોઈ જંગલી વાઘની વિકરાળ ત્રાડ સાથે સરખાવી પ્રકૃતિના આ વિકરાળ રૂપને ભાવકના મનની ભાવસ્થિતિમાં કાવ્ય પીંડ મૂકી આપ્યો છે. અહીં ઘાયલ સાહેબની શેરિયત તેમજ અલંકારોને ઉચિત રીતે મૂકી આપવાની કળા નજરે પડે છે.

✱ વ્યતિરેક અલંકાર :

*"એમનું કોમળપણું મિત્રો, કશે થાયું નથી,*
*કોઈ કોમળ એટલી કુમળી કળી હોતી નથી."*

*(પૃ.૮૪૨)*

કોમળ કળીની કોમળતા કરતાં પણ વધારે કાવ્યાનાયિકાથી કોમળતા રૂપલાવણ્ય છે. જેથી અહીં ભારોભાર વ્યતિરેક અલંકારનો ઉપયોગ કરી સર્જકે કાવ્યત્વને નિખાર્યું છે.

✱ વ્યાજસ્તુતિ અલંકાર :

*"કારણ વગર પ્રહાર કરે છે, કમાલ છે,*
*ને પાછા સારવાર કરે છે, કમાલ છે."*

*(પૃ.૪૪૭)*

પ્રહાર કરીને પાછા એ જ સારવાર કરે તે કેવી દયનિયતા છે. કાવ્યનાયિકાની આવી લઢણને પ્રશંસા સાથે નિંદા કરી કવિએ વ્યાજસ્તુતિ અલંકાર પ્રયોજી પોતાની ભાવદશા પ્રસ્તુત કરી છે.

**❋ સ્વભાવોક્તિ અલંકાર :**

***“મરે તે જ મૂંઝાઈ ખડો મહી,***
***અને દૂર ખુલ્લામાં મરકે તિમિર! ”***
***(પૃ.૩૫૬)***

અંધકાર શાશ્વત છે અને વધુ સબળ છે. તેજ હોય કે ન હોય અંધકાર તો છે જ છે. ઉપર્યુક્ત શેરમાં તેજની સ્વભાવગત લાક્ષણિકતા અને તિમિરની સ્વભાવગત લાક્ષણિકતા એકસાથે નિરૂપી છે. તેથી ઉચિત રીતે સ્વભાવોક્તિ અલંકાર રજૂ કરી ભાવની ગહનતા સ્પષ્ટ કરી છે.

***“ઉદયકાળે એ લોકો હતા આતંરમૂર્છામાં,***
***ખબર સુદ્ધા નથી અમને કે કયારે ફૂલવેરિયા !”*** ***(પૃ.૩૬૦)***

સૂર્યોદય સમયે સ્વાભાવિક રીતે જ મોટા ભાગના લોકો મીઠી ઊંઘનો આનંદ માણતા હોય છે. ‘આનંદમૂર્છા’ શબ્દ એવી અવસ્થાને વર્ણવવા માટે સુયોગ્ય છે. વહેલી પરોઢે, ફૂલોના છોડ પરથી નીચે ફૂલો વેરાય છે. એને વેરાતાં જોવાનું સદ્‌ભાગ્ય કાવ્યનાયક સાંપડ્યું નથી. નાયકના સ્વભાવગત લક્ષણ આનંદમૂર્છાનો ઉલ્લેખ થયેલો હોવાથી સ્વાભાવોક્તિ અલંકાર થાય છે.

**❋ અન્યોક્તિ અલંકાર :**

***“પળવારમાં પતંગ, તને શું થઈ ગયું,***
***તું કયાં અમારો જીવ હતો કે બળી ગયો !”***
***(પૃ.૩૨૫)***

‘જીવ બળી ગયો’ જેવા રૂઢિપ્રયોગનો અહીં કાવ્યાત્મક ઉપયોગ થયો છે. પતંગિયા હોવાથી જ્યોત પર આકર્ષાય છે અને અજાણતાં જ એ જ્યોતિમાં બળી મૃત્યુ પામે છે. ‘પતંગ’નો આશ્રય લઈને અન્ય કોઈ ઉક્તિ તરફ ભાવકનું ધ્યાન ખેંચવાની

પ્રયુક્તિનો ઉપયોગ હોવાથી સુંદર રીતે અન્યોક્તિ અલંકારનું નિરૂપણ થયેલ જોવા મળે છે.

**✱ વિરોધ અલંકાર :**

***"કદી ઉપાયથી સાજો નથી થતો તો કદી,***
***વિના ઉપાય નિરામય બની ગયો છું હું."***

***(પૃ.૪૭૭)***

કદી ઉપાયથી સાજા ન થવું અને કયારેક વિના ઉપાયે નિરામય (નિરોગી) બની જવું. આવી બે વિરોધી સ્થિતિઓના નિરૂપણને કારણે અહીં વિરોધ અલંકારનું નિરૂપણ થયું છે.

**✱ દષ્ટાંત અલંકાર :**

***"મહોલ્લામાં ઉમળકામાંય જાણે ઓટ આવી છે,***
***જોઈ દરિયો નદીઓ પણ હવે ધસતી નથી હોતી."***

***(પૃ.૪૦૯)***

મહોબતના ઉમળકામાં ઓટ છે એ થવો છે તેના સમર્થનમાં શાયરે દરિયો અને નદીઓના મિલનમાં પણ હવે ઉમળકો રહ્યો નથી એવું દષ્ટાંત સાની મિસરામાં યોજયું છે.

## ૬. મત્લા :

ગઝલમાં મત્લાનું એક આગવું સ્થાન છે. મત્લા એ ગઝલનું પ્રવેશદ્વાર છે. આપણને એ દ્વારના ઠાઠથી ખ્યાલ આવે કે ઘર કેટલું સુંદર અને રમણીય હશે. ઘાયલસાહેબ ગઝલમાં મત્લાનો પ્રવેશ એક વિશિષ્ટ આહલાદપૂર્ણ અનુભવ કરાવતા હોય છે. મત્લા ચિત્તાકર્ષક અને આગવી અસર ઉપજાવનારા હોય તો ભાવક ગઝલની ભીતરમાં આપોઆપ ઉતરતો જાય છે. મત્લાનો ઉઠાવ અને ઉપાડ ભાવક ગઝલને સુધી પહોંચાડવા માટે ખૂબ જ ઉપયોગી થઈ પડે છે. ઘાયલની ગઝલોના મત્લા ધ્યાનાકર્ષક અને ભાવકને સ્પર્શે એવા કર્ણપ્રિય હોય છે. રાજવી ઠાઠપૂર્ણ મત્લો, લયની અદકેરી

ભાત, વિચારનું આગવું પ્રગટીકરણ વગેરે ઘાયલની ગઝલના મત્લાની વિશેષતાઓ છે. તેમની ગઝલોમાં મત્લાની સંખ્યા એકથી વધુ હોય એવું ઘણીવાર બન્યું છે. ઘણીવાર ત્રણ, ચાર, પાંચ કે છ મત્લા સુધી પણ ગઝલમાં લંબાણ જોવા મળે છે અને તે દ્વારા ગઝલનું આંતરબાહ્ય પોતને નિખાર આપવામાં આવે છે.

*"મંત્રથી પ્રેમનો પ્રભવ ન થયો,*
*આ વિષયમાં સફળ પ્રણવ ન થયો,*
*આત્મ સંતોષ આખો ભવ ન થયો,*
*ધૂમ જીવ્યા છતાં ધરવ ન થયો."* *(પૃ.૪૮૮)*

◈◈◈

*"હૃદયતા સ્નેહ નિશદિન સળવળે છે,*
*સનાતન જ્યોત છે કે ઝળહળે છે.*

*સજલ આંખો અવિરત નીંગળે છે,*
*હૃદય છે રાંક પણ રત્નો રળે છે.*

*કદી પોતે ય સામેથી મળે છે,*
*સમંદર ખુદ સરિતામાં ભળે છે."*

*(પૃ.૨૨૫)*

◈◈◈

*હળવે હળવે વાય છે એ કોણ છે ?*
*ધીમે ધીમે ગાય છે એ કોણ છે ?*
*વીજ સમબળ ખાય છે એ કોણ છે ?*
*દૂરથી વરતાય છે એ કોણ છે ?*

*વેલ થઈ વીંટાય છે એ કોણ છે ?*
*ઓછાં ઓછાં થાય છે એ કોણ છે ?*

*હરખી હરખી ગાય છે એ કોણ છે ?*
*પકડી પકડી પાય છે એ કોણ છે ?*

આમ તેઓ એકથી વધુ મત્લા એ એમની વિશિષ્ટ શૈલી છે. જેથી પોતાના ભાવને વધુ ગતિ આપે છે. લયનું કામણ પાથરે છે અને ગઝલને વધુ પ્રવાહી અને લયાત્મક બનાવે છે. થોડાક વધુ મત્લા જોઈએ.

*"હૃદયમાં જ્યારથી નમણી નજર મ્હેમાન થઈ ગઈ છે,*
*ભીતરની ભારી હર ભીંત જાજરમાન થઈ ગઈ છે."*

પ્રણયની પહેલી નજર મળતાં રોમરોમ પુલકિત થઈ જાય કંઈક એવી પ્રતીતિ આ મત્લામાંથી પ્રાપ્ત થાય છે. કોઈ નજર મહેમાન થાય છે. દિલમાં અને દિલની ભીતરની હરેક ભીંત જાણે સોળે શણગાર સજી લે એવી સુંદર કલ્પના અને મત્લામાંથી પ્રાપ્ત થાય છે. એવો જ એક બીજો મત્લા જોઈએ.

*"નશાના ધામ તરફ મસ્તીના મુકામ તરફ,*
*નિગાહ છે કે રહે છે સદાય જામ તરફ."*

*(પૃ.૩૦૨)*

નશાનું ધામ અને મસ્તીનાં મુકામ તરફ સદાય સૌની નજર હોય પણ આ મુકામ ઈશ્વરનો માર્ગ છે. પ્રભુપ્રાપ્તિ માટે અલગ પ્રતીક દ્વારા ઘાયલે આ વાત અહીં વ્યક્ત કરી છે. ઈશ્વરરૂપી સહાયને પામવા સૂફીઓ સદાય એ જ દિશામાં મીટ માંડીને બેઠા હોય છે. એ જ રીતે પ્રકૃતિને ઘાયલની નજર પણ કંઈક વિશિષ્ટ રીતે નિહાળે છે. તેઓ નભને અલંકારનું અને સિતારાઓને સરપનાં નયન સાથે સરખાવીને કાવ્યને છેક છેલ્લે અહીં સુધી લઈ જાય છે. જુઓ :

*"નભ છે કે અંધકારનું વન ! રાત તો જુઓ,*
*તારક છે કે સરપનાં નયન ! રાત તો જુઓ."*
*(પૃ.૩૫૭)*

પ્રણયની રૂપરેખામાં પ્રેમિકાનું સૌંદર્ય એ એક વિશિષ્ટ પડાવ છે. દરેક પ્રેમી માટે તેની પ્રેમિકા વિશ્વની મહાન સુંદરી હોય છે અને તેનું કારણ પૂછ્યા જાઓ તો કદાચીત આપણને પ્રાપ્ત ન થાય કદાચ એ પ્રેમીને પણ એનો ઉત્તર આપવો કઠીન બને. ઘાયલ કંઈક આ સંદર્ભે આવા સુંદર મત્લાઓ સર્જે છે.

*"કાજળભર્યા નયનનાં કામણ મને ગમે છે,*
*કારણ નહીં જ આપું કારણ મને ગમે છે.*

*લજ્જા થકી નમેલી પાંપણ મને ગમે છે,*
*ભાવે છે ભાર મનને ભારણ મને ગમે છે.*

*જીવન અને મરણની હરક્ષણ મને ગમે છે,*
*એ ઝેર હોય અથવા મારણ મને ગમે છે."*
*(પૃ.૩૧૩)*

આમ, ઘાયલની ગઝલમાંથી પસાર થતાં ગઝલ તો મિજાજ મત્લા પ્રવેશથી જ પામી શકાય છે. આ તકે અનેક મત્લા ટાંકી શકાય તે સબબ થોડાક વધુ જોઈએ.

*"આપણા સ્થૂળ દેહનું હોવું,*
*એટલે સૂક્ષ્મ દેહનું હોવું."*
*(પૃ.૮૯૫)*

◈◈◈

*"રસ, રૂપ, રંગ, ગંધનો સંગમ બનાવિયે,*
*જીવનને ભરવસંતશી મૌસમ બતાવિયે."*
*(પૃ.૭૪૬)*

◈◈◈

*"નખથી ધરતી ખોતરું છું હાલમાં,*
*હાલથી લાજી મરું છું હાલમાં."* *(પૃ.૭૪૪)*

◈◈◈

*"હું નામ કે નિશાન વગરનો પદાર્થ છું,*
*કોલાહલોમાં વ્યસ્ત નગરનો પદાર્થ છું."*
*(પૃ.૫૨૭)*

◈◈◈

## ૭. મક્તા :

મક્તા એ ગઝલનો આખરી પડાવ છે. જેમાં શાયર પોતાનું રાખેલ તખલ્લુસ દ્વારા વાત આટોપી લે છે. અહીં દરેક ગઝલકાર પોતાના નામ શ્લેષ તરીકે ઉપયોગ કરી વાત વધુ રોમાંચકારક બનાવતો હોય છે. 'બેફામ'ના મક્તામાં મૃત્યુ અંગેનું સંવેદન હોય જ એવી ઓળખ બની ગઈ હતી. 'ગની', 'મરીઝ', 'શૂન્ય', 'સૈફ', 'શયદા' એવી જ રીતે 'ઘાયલ' પણ મક્તાના શેર માટે જાણીતું નામ છે. મક્તા દ્વારા પોતે પોતાનું આત્મકથનાત્મક કથન કે પોતાને જ પોતે સંબોધી કંઈક રહસ્યપૂર્ણ અને રોમાંચક વાત કરે છે. ઘાયલ પોતાના મક્તાઓમાં પોતાની અંગત વાતો, વિચારો અને ભાવો વ્યક્ત કરતા જોવા મળે છે. અહીં આ તકે તેમના થોડાક મક્તા જોઈએ. ઉદાસીને કબર તરીકે ઓળખાવીને પોતે ઉદાસ છે એટલે એ કબરમાં છે તો તે ત્યાંથી હવે છટકી ન શકે એવી મનોભાવની દશાને વ્યક્ત કરતા આ મક્તા :

*"છટકી અને ઉદાસીથી જાઉં તો જાઉં ક્યાં ?*
*'ઘાયલ' હું આખરે એ કબરનો પદાર્થ છું."*

*(પૃ.૫૨૭)*

શબ્દ સાથે ઘાયલનું કામ ખૂબ જ કલાત્મક છે તેથી શબ્દ સાથે તેમણે કેવું કામ કર્યું છે તેની સાથે કેવો વર્તાવ કર્યો છે એ વાત તેઓ એક મક્તામાં આમ કરે છે :

*"પીઠ પર એના સોળ છે 'ઘાયલ'*
*શબ્દને મેં સખત સબોડ્યો છે."* *(પૃ.૭૧૧)*

માણસ જરાક અળવિતરું પ્રાણી છે. ભોળા માણસને દબાવે એ કદાચ તેના સ્વભાવમાં છે. 'ઘાયલ' આ વાત એક મક્તામાં આમ પ્રસ્તુત કરે છે.

*"કમ નથી 'ઘાયલ' આ માનવપ્રેત પણ,*
*પોલ જ્યાં ભળી ગયું પેઠું જ છે."*

*(પૃ.૬૬૨)*

ઘાયલ ઘણીવાર પોતાના મક્તાઓમાં વ્યંગ્ય, કટાક્ષ વગેરે પ્રસ્તુત કરતા હોય છે. મંદ હાસ્ય પાછળ એક અવ્યક્ત પીડા છૂપાયેલ હોય છે. તેવું તેમણે અનેક મક્તામાં પ્રસ્તુત કરેલ છે.

*" 'ઘાયલ' એ માટી છે ને મળી જાશે માટીમાં,*
*સોનાના આ છગનને મગન એટલે કબર."*

*(પૃ.૬૨૦)*

◈◈◈

*"કોણ 'ઘાયલ' બોલ આ આવી કરે છે ધૃષ્ટતા,*
*સત્યને પણ ચીભડું સમજી અને કાપે છે કોણ !"*

*(પૃ.૫૭૬)*

મૃત્યુ, શબ્દ, પ્રેમ, મૌન જેવા અનેક ભાવસંવેદનો પર ઘાયલે મક્તામાં પોતાના અનુભવ, પોતાની અંગત ગમા–અણગમાની વાત પ્રગટ કરી છે. મોત વિશે સુંદર પ્રશ્નાર્થ ઊભો થાય મોત એટલે શું ? તે વિશે કહે છે. જવાબ આપતા હોય એમ કહે છે :

*" 'ઘાયલ' અમોને મૃત્યુ વિષે કૈં જ ના કહો,*
*અમને ખબર છે એ છે નશો તૂટવાનું નામ."*

*(પૃ.૪૬૭)*

ઘાયલની ગઝલમાં સુરા, શરાબ, સાકી વગેરે ભાવપ્રતીકો દ્વારા તેમણે અનેક ગઝલોના શેર લખ્યા છે. મયપરસ્તી પ્રસ્તુત શેરોમાં મક્તાનું પણ આગવું સ્થાન છે. તે સબબ થોડાક શેર જોઈએ.

*" 'ઘાયલ' ભર્યો છે એટલો પૂરો કરો પ્રથમ,*
*અહીંયા અધૂરો જામ ન મેલી જવાય છે."*

*(પૃ.૪૫૦)*

◈◈◈

*"અહીંયા મયકદામાં એ જ મોટી વાત છે 'ઘાયલ',*
*અહીંયા એક બીજાને નજર કસતી નથી હોતી."*

*(પૃ.૪૦૯)*

આમ ઘાયલની ગઝલમાં મક્તામાં તેઓ કયારેક ખુમારી, ખુદારી કયારેક આત્મકથનાત્મક કયારેક પોતાના અંગત મતમતાંતરો રજૂ કર્યા છે. એ દ્વારા ભાવને સુંદર ઘડયો છે અને ગઝલ સ્વરૂપને પૂર્ણ રીતે વફાદાર રહ્યા છે. આ સબબ વધુ થોડાક મક્તા જોઈએ.

*"ગઝલ સંભળાવી 'ઘાયલ' ગુલરુખોને એમ કૈ બેઠા,*
*રદીફો જોડે અંકે વાત જાણે કાફિયાની થઈ."*

*(પૃ.૪૦૮)*

◈◈◈

*"એ ચોર હવાનું તો ભલું પૂછવું 'ઘાયલ',*
*મંદિરમાં પણ એ ચારે હવા હોઈ શકે છે."*

*(પૃ.૪૧૮)*

◈◈◈

*"એમ બોલાવ્યો ન 'ઘાયલ' બોલશે,*
*એ દિવાનો ખૂબ અક્કલમંદ છે."*

*(પૃ.૫૩૯)*

◈◈◈

## ૮. રદીફ અને કાફિયા :

ગઝલમાં રદીફનું મહત્ત્વ અદકેરું છે. ગઝલમાં રદીફ અને ફાફિયા બાહ્ય આકારરૂપ સૌંદર્ય નિપજાવે છે. રદીફની પસંદગી કરતી વખતે જ ગઝલકાર ગઝલના એક મહત્તમ આધારની પસંદગી કરતો હોય છે. રદીફમાં ગઝલકારની એક જાતની આગવી મુદ્રા અંકિત થાય છે. જેમાં પોતે પોતાનો ટોન, લહેકો અને લયમિશ્રિત કરી એક પદાવલીનું નિર્માણ કરે છે. અત્યાનુંપ્રાસની જેમ ધ્રુવ પંક્તિની 'જેમ તમામ શેરમાં સાથે સાથે ચાલે છે અને ગઝલના પૂર્ણ દેહને એકત્ર કરે છે. રદીફ એ સારા સારા સર્જકોનું પાણી માપી લે છે. જો યોગ્ય રીતે રદીફ નિપજાવવામાં ન આવે તો તે માત્ર 'પુચ્છ'ની જેમ ટીંગાઈ રહે છે અને ગઝલનું ભાવવિશ્વ કથળી જાય છે. અમૃત ઘાયલની ગઝલોમાંથી પસાર થતાં તેમણે રદીફ પાસેથી સારું એવું કામ લીધું છે ને પ્રશંસારૂપ પણ છે. તેમણે લાંબી ટૂંકી રદીફો રચી પૂર્ણપણે પોતાના સર્જનત્વનો ઉન્મેશ દાખલ કર્યો છે.

ઘાયલના સમગ્ર સર્જનમાંથી પસાર થતાં જેમાં લાંબી રદીફોનું એક આગવું નિરૂપણ જોવા મળે છે. જેમાં 'લઈને આવ્યું છું' (પૃ.૧૦૪), 'વેર વાળ્યું છે' (પૃ.૧૨૦),

'જાય તો કહેવાય નહીં' (પૃ.૧૨૬), 'વાતો શું સમજે?' (પૃ.૧૬૪), 'જાય છે ચાલ્યો' (પૃ.૧૬૫), 'ખોઈ બેસે છે' (પૃ.૧૭૩), 'કરી લઉં છું' (પૃ.૧૮૧), 'થઈ નથી શકતો' (પૃ.૧૮૮), 'ખોઈ બેસે છે' (પૃ.૧૩૩), 'બનીને રહેવું છે' (પૃ.૧૯૯), 'અચાનક થઈ ગયું' (પૃ.૨૪૦), 'બહુ વાર લાગે છે' (પૃ.૨૮૪), 'માં લાય લાગી ગઈ' (પૃ.૧૮૫), 'એ કોણ છે ?' (પૃ.૩૦૮), 'કારણ મને ગમે છે' (પૃ.૩૧૩), 'યાદ આવે છે' (પૃ.૩૨૬), 'અમે લઈ શક્યા નહીં' (પૃ.૪૨૮), 'કે કોક મને સાહો' (પૃ.૬૨૧), 'હું સહુને વધાવું છું' (પૃ.૬૧૫), 'પણ કોઈ ચીજ છે' (પૃ.૬૦૫), ''રોશની તો જુઓ' (પૃ.૫૨૨), 'સતત જાગતા રહો' (પૃ.૫૦૬), 'બની ગયો છું હું' (પૃ.૪૭૭), 'જ નથી એમ પણ નથી' (પૃ.૪૬૩), 'કરે છે, કમાલ છે!' (પૃ.૪૦૭), 'ઊભો છું અદબવાળી' (પૃ.૪૦૫), 'જ્વલ્લે મળે છે' (પૃ.૩૯૩) જેવી રદીફોથી ગઝલનો ભાવપીંડ સુંદર રીતે ઘડાયો છે. કાવ્યનું આગવું સંગીત અને ભાવમાં આવતો વિવિધ વળાંક રદીફને કારણે ગઝલ આંતરબાહ્ય સૌંદર્ય પામે છે. તે અંગે થોડાક ઉદાહરણ.

***"જતી વેળા મને બાળી જવાની પગથી માથા લગ,***
***તને હું ઓળખું છું જિન્દગાની <u>પગથી માથા લગ.</u>"***

***(પૃ.૭૨૨)***

◈◈◈

***"સુગંધિત હો કે સૂકાં શ્વાસ હું સહુને વધાવું છું,***
***અનુગ્રહ હોકે ઉપહાસ હું <u>સહુને વધાવું છું.</u>"***

***(પૃ.૬૧૫)***

◈◈◈

***"હવે બસ સબરની <u>મજા લઈ રહ્યો છું,</u>***
***કઠણ દિલજિગરની મજા લઈ રહ્યો છું."***

***(પૃ.૫૩૮)***

આમ, એક સાથે ચાર કે પાંચ શબ્દની રદીફ પણ પ્રયોજ્યા છે તેવી જ રીતે એકાક્ષરી કે બે શબ્દોની જોવા મળે છે. જેમાં સર્વનામ, સંબોધનો, ક્રિયાપદો અને ક્રિયાપદોની વિવિધ રૂપોનો સમાવેશ છે. જેમાં છું, છે, પી, ગઈ, માં, મને, ગયો છાંટા, તિમિર, સૂરજ, ચહેરા માટે, આજે, સાકી, જશે, ગયું, જાશે વગેરે એકાક્ષરી કે એક શબ્દની બનેલી રદીફથી વાત વિવિધ સ્તરે ઘાયલે પોતાની ગઝલોમાં લઈ આવે છે. તેવી જ રીતે માણસ છું, બેઠો છું, લઈ આવો, યાદ છે, માગે છે, સમજું છું, મેળવી છે, થઈ જાશે, થઈ ગયો, નથી હોતી, નથી કરતો, જીવતા શીખો, થઈ ગઈ છે, તરફ છું સ્વાગમાં, દોડતા આવ્યા, પ્રભુ જાણે, પડ્યા હશે, જઈ ચડ્યો, જીવ્યો છું રાખે છે, સાચવે છે, જેવી અનેક રદીફો બે શબ્દથી બનેલી છે જેનાથી પોતાની અભિવ્યક્તિનું ખૂબ સરસ કામણ ગઝલમાં પાથર્યું છે. જે સબબ થોડાક શેર જોઈએ.

***"ગર્વ છે એનો મને આનંદ છે,***
***કાહું મારા દર્દનું પડછંદ છે.***

***(પૃ.૫૩૯)***

◈◈◈

***"ભંગ કીધો છે સદા રંગમાં રસમાં એણે,***
***કેટલી વાર રડાવ્યા છે દિવસમાં એણે."***

***(પૃ.૫૨૬)***

◈◈◈

***"તુજને એનીય ભાળ છે સાકી !***
***માનવીનો દુકાળ છે સાકી !"*** ***(પૃ.૪૮૧)***

ઘાયલસાહેબ ગઝલમાં હમરદીફ, હમકાફીયા ગઝલો પણ જ જોવા મળે છે. જેમાં સમય, વસંતમાં આ જિંદગી વગેરે ગઝલો જોવા મળે છે. તે જ રીતે ક્રિયાવાચસ પદઃ મળ્યા લાગે છે, લાગી લઉ વગેરે જેવા રદીફનું નિરૂપણ પણ જોવા મળે છે તો કયારેક

સવાય સંયોજક જેવા કે તો, આજે, શાને? હવે? જાણે જેવા શબ્દો જોવા મળે છે. આ ઉપરાંત હમરદીફ, હમકાફિયા ગઝલોનું નિરૂપણ પણ સવિશેષ નજરે પડે છે.

'ઘાયલ' સાહેબને ગઝલમાં કાફિયાનું વૈવિધ્ય વિશાળ છે. કાફિયા એક જ માપ અને પ્રકારના અક્ષરસમૂહો કે શબ્દો હોય છે. એક ગઝલના દરેક કાફિયામાં સ્વર સર્વસામાન્ય અને ધ્રુવ હોય છે. આ 'અ' કારાન્ત લઘુ વ્યંજન કે સ્વરને આપણે કાફિયાનો પાયાનો કે 'મૂળ' એકમ કહી શકે એ મહત્ત્વનો હોય છે અને તેના પર કાફિયાનો ટકેલો હોય છે. કાફિયામાં મૂળ એકમ પછી આવતા સ્વરવ્યંજનો કે અનુસ્વાર પણ મૂળ એકમ સાથે મુક્ત રીતે જોડાયેલા હોય છે અને એ બધા મળી શબ્દનું એક એકમ લગાવે છે. એટલે એને રદીફમાં ગણવાનું તર્કયુક્ત નથી. એ સૌ કાફિયાના પાત્રરૂપ જ ગણાય છે. 'ઘાયલ' સાહેબનું કાફિયા સૌંદર્ય ભરપૂર છે તે અંગે થોડીક ગઝલો જોઈએ.

***"કાજળભર્યાં નયનનાં <u>કામણ</u> મને ગમે છે,***
***કારણ નહીં જ આપું <u>કારણ</u> મને ગમે છે."***

◈◈◈

***"લજ્જા થકી નમેલી <u>પાપણ</u> મને ગમે છે,***
***ભાવે છે ભાર મનને, <u>ભારણ</u> મને ગમે છે."***

◈◈◈

***"દુઃખ શું હવે હું માણી દુનિયાય પણ નહીં દઉં,***
***એ પણ મને ગમે છે, <u>આપણ</u> મને ગમે છે."***

◈◈◈

***'ઘાયલ' મળે મુબારક આ ઊર્મિકાવ્ય મારા,***
***એ રોઈને ભર્યાં કે <u>એ રણ</u> મને ગમે છે."***

***(પૃ.૩૧૩)***

ઉપરોક્ત ગઝલમાં 'ગાગા' લગાત્મક વજનથી કારણ, કારણ, ભારણ. આ પણ, એ રણ વગેરે દ્વારા કાવ્યમાં ભાવમાધુર્ય પ્રબળ રીતે વ્યક્ત થાય છે. કાફિયા સામે આવતાં શેરમાં ચોટ વ્યક્ત થાય છે. કયારેક બનતું હોય છે કાફિયા જ જાણે વિચાર ભાવ લાવી અને ગઝલ પોતાના તરફ લઈ જાય છે. ગઝલ કાફિયા પરસ્ત બની જાય છે પણ ઘાયલ સાહેબની ગઝલમાં આવું ઓછું બને છે.

***"વ્યથા સુણાવી શકું એવી મુજમાં લાલ નથી,***
***પુકાર છે એ હૃદયની કોઈ રૂઆબ નથી."***

◈◈◈

***"ખરું કહું તો એ કંટક નથી ગુલાબ નથી,***
***જીવન જીવન છે જીવનને! કશો જવાબ નથી."***

◈◈◈

***"લગાર કેફમાં ઓછા નશાના ખ્યાલ નથી,***
***નથી નસીબ, નથી તો ભલે શરાબ નથી."***

◈◈◈

***"વિજયપરસ્તને 'ઘાયલ' હું કેમ સમજાવું ?***
***કે કામિયાબ હકીકતમાં કામિયાબ નહીં."***

***(પૃ.૧૬૭)***

ઉપરોક્ત ગઝલમાં 'લગાલ' લગાત્મક સ્વરૂપ સાથે લાલ, રૂઆબ, કામિયાબ, ખ્વાબ જેવા કાફિયા ઉર્દૂ ભાષાના છે છતાં ગુજરાતી ગઝલમાં સહજ રીતે ઓગળી ગયેલ જોવા મળે છે. ઘાયલસાહેબ પરંપરાની ગઝલના મર્મી અને સર્જન કર્યું છે. જેથી તેઓ પણ ઉર્દૂગઝલના પ્રભાવમાં રહી કાવ્યસર્જન કર્યું છે.

***"જીવન પણ એક જુગટુ છે કદી જીતો કદી હણો,***
***ગયો કયારેક હારી તો શું કરવો વ્યર્થ દેકારો."***

◈◈◈

*"હવે વેઠયે જ છૂટકો છે, બૂરો હો કે સમય સારો,*
*દિવસ હો તો દિવસ, તે રાત હોતો રાત વેઢારો."*

◈◈◈

*"નથી હોતી જરૂરત એને વાહક કે પ્રચાકરની,*
*ખરો પયગામ પહોંચી જાય છે પોતે જ પરબારો."*

હમરદીફ, હમકાફિયા ગઝલોના સર્જનતાઓ આ ઉપરોક્ત ગઝલ રચાયેલ જોવા મળે છે. જેમાં હારો, દેકારો, વેઢારો, પરબારો જેવા શબ્દો લોકબોલીમાંથી આવેલા છે. જેથી ગઝલસર્જનમાં કાફિયાના વૈવિધ્યમાં 'ઘાયલ' સાહેબે ઉર્દૂ દ્દી સૌરાષ્ટ્રી લોકબોલી ગુજરાતી, સંસ્કૃત જેવા અનેક પરભાષી શબ્દોનો ઉપયોગ કરેલ જોવા મળે છે.

## ૯. બહર (છંદ) :

રદીફ, કાફિયા અને છંદ એ ગઝલનાં બાહ્ય અંગ છે. જેનાથી ગઝલ સ્વરૂપની વિશિષ્ટ ઈમારત ઊભી થાય છે. બાહ્ય રૂપરંગ સફાઈપૂર્ણ હોય પણ ગઝલમાં અંતસ્તત્વ પાંખું હોય તો આખીય રમત નિરર્થક નીવડે છે. જેથી છંદવિનિયોગ પણ ગઝલને અનુરૂપ હોય તે અનિવાર્ય છે. ગઝલ માટે પસંદ કરેલ છંદ સાદ્યન્ત નિભાવવાનો હોય છે અને કયાંય હોય ન રહી જાય તેનું પણ ખાસ ધ્યાન રાખવાનું છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખી કાવ્યનું નિર્માણ – તો કરવાનું જ નહીં તો છન્દોવ્યાયામ માત્ર બની રહે. ઘાયલસાહેબે ઈયત્તા અને ગુણવત્તાની દષ્ટિએ મબલક ગઝલ આપી છે. તેની સામે છંદવૈવિધ્ય પણ આપણને વિશાળ રીતે મળી રહી છે. જેમાં નાના માપની બહર, મધ્યમ કદની બહર, દીર્ઘ કદની બહર. આમ ત્રણેય ક્ષેત્રની બહરનું સુંદર રીતે ગઝલોનું નિર્માણ તેમણે કર્યું છે.

ઘાયલ સાહેબની ગઝલોમાંથી પસાર થતાં નાના માપની બહરનું સુંદર નિર્માણ થયેલ જોવા મળે છે. તે દ્વારા ભાવ અને વિચારને વિશિષ્ટ રીતે રૂપ આપ્યું છે. આમ ટૂંકા કદની બહરનાં થોડાંક ઉદાહરણો જોઈએ.

ગા ગા

કુંતલ

બાદલ

કીકી

કોયલ

(પૃ.૫૬૪)

◈◈◈

ગાગા ગાગા

કૂંપળ કૂંપળ

કળશે ઝાકળ

ડગલે પગલે

દષ્ટિનાં છળ.

(પૃ.૫૩૩)

◈◈◈

ગાલ ગાલ ગાલગા

વાત ગોળ ગોળ છે,

પ્રાણ ઓળખોળ છે,

હૈયું છે હચું ડચું,

દષ્ટિ ડામા ડોળ છે.

(પૃ.૩૪૭)

◈◈◈

ગાલગા ગાલગા

સહી નહીં સો વખત

સત ઠરે છે અસત્
ટૂંકમાં આ જગત
એટલે બગભગત.

(પૃ.૧૭૪)

◈◈◈

ગાગાગાગા ગાગાગાગા
રહેતા રહેતા જાશે ફૂટી
ટળતાં ટળતાં ટેવ ટળી છે.

(પૃ.૧૭૭)

◈◈◈

ગાગાગાગા ગાગાગાલ
ઓસમહી આ તરતી ધૂપ
એટલે તારું ચડતું રૂપ.

(પૃ.૩૦૫)

◈◈◈

લગાગા લગાગા લગાગા લગાગા
હૃદયમાં જે માનવનો ગમ સાચવે છે
અસલમાં એ સાચો ધરમ સાચવે છે.

(પૃ.૩૦૮)

◈◈◈

લગાગાગા લગાગાગા લગાગા
તિમિર હું તેજ ફેંકીને હણું છું,
ઉષાકર છું કહ્યું કોણે અણું છું.

**ન પૂછો કે મને હું શું ગણું છું,**
**નથી કંઈ તોય વાસ્તવમાં ઘણું છું.**

**(પૃ.૧૮૩)**

◈◈◈

**ગાલગાગા લગા લગા ગાગા**
**અશ્રુ કયાં અશ્રુના વહનમાં છે ?**
**લાશ અરમાનની નયનમાં છે. (પૃ.૧૬૨)**

◈◈◈

**ગાલગાગા ગાલગાગા ગાલગા**
**શી ખબર આવું પરિવર્તન થશે,**
**દિલ સરીખો દોસ્ત પણ દુશ્મન થશે !**

**(પૃ.૧૬૯)**

◈◈◈

**ગાલગા ગાલગા ગાલગા ગાલગા**
**કોઈની ખોટ છે કોઈના ગાલ છે**
**કે અહીં આદિથી આજ બસ ચાલ છે.**

**(પૃ.૮૬૯)**

ટૂંકા પદની બહરની જેમ જ ઘાયલની મોટા પ્રમાણની ગઝલ, મધ્યમ કદની ચાર આવર્તનરૂપે વધુ જોવા મળે છે. જેમાં વિચાર અને ભાવને સંપૂર્ણ રીતે પ્રગટ કરવામાં પૂરો અવકાશ મળે છે. સમગ્ર સર્જનમાંથી પસાર થતા સૌથી વધારે ગઝલો કદાચ લગાગાગાના ચાર આવર્તનમાં પ્રસ્તુત થયેલ છે. તે ઉપરાંત અનેક શુદ્ધ અને મિશ્ર છંદોમાં ગઝલ રજૂ થયેલ છે. જે અંગે થોડાક મુખ્ય ઉદાહરણો જોઈએ.

લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગા

નથી સંતાપ છો, માર્યાં વખાનો જાય છે ચાલ્યો
અહીં કંઈ આમ જન્મારો ઘણાનો જાય છે ચાલ્યો.

(પૃ.૧૬૫)

◈◈◈

ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા

સાવ સાચી વાત છે આ ઉડતી અફવા નથી,
કોઈની દુનિયા નથી આ કોઈની દુનિયા નથી. (પૃ.૧૮૪)

◈◈◈

ગાગાલ ગાલગાગા ગાગાલ ગાલગાગા

રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના.

(પૃ.૨૦૨)

◈◈◈

ગાગાલ લગાગાલ લગાગાલ લગાગા

એને જે અમે નિત્ય ઉપાસી છે ખબર છે
આ મસ્તીનો અંજામ ઉદાસી છે ખબર છે.

(પૃ.૪૨૦)

◈◈◈

ગાગાગાગા ગાગાગાગા ગાગાગાગા ગાલ

કોઈ પીએ કોઈ ચાલે, જેવી જેની મોજ
કોઈ વેંચે કોઈ રાખે જેવી જેની મોજ.

(પૃ.૪૦૩)

ટૂંકી અને મધ્યમકદની બહરથી જેમ જ ઘાયલથી રચનાઓમાં લાંબી બહર પણ ગઝલ માટે ઉપયોગમાં લેવાયેલ છે. આમ, લાંબી બહરમાં કવિને કામ કરવું થોડું અઘરું છે કેમકે કોઈ શબ્દ ભરતીનો કે વધારાનો મીટર ભરવા માટે ઉપયોગ ન લેવાય એ ખાસ જોવું પડે. પણ ઘાયલની રચનાઓમાં લાંબી બહરો સુંદર રીતે ઉપયોગ થયેલ જોવા મળે છે. જે અંગે તેમની ગઝલોમાંથી થોડાંક ઉદાહરણો :

**ગાગાલ લગાગા ગાગાગા ગાગાલ લગાગા ગાગાગા**

**એ ફૂલની વાતો શું સમજે ? એ ખારની વાતો શું સમજે**
**વેરાન પસંદ અંતર મારું ગુલઝારની વાતો શું સમજે ?**

**(પૃ.૧૬૨)**

◈◈◈

**લગાગા લગાગા લગાગા લગાગા (૨)**

**ઉગારી ગુલામીના વમળો મહીંથી**
**ઉગારી જીવનનાવને મુક્તિ માટે**
**અમે વમળોએ કરી એ બતાવ્યું**
**કદાપિ કર્યું ના કહું જે વિરાટે.**

**(પૃ.૨૬૬)**

◈◈◈

**ગાલલગાગા ગાલલગાગા ગાલલગાગા ગાલલગાગા**

**યાદ કરીને તમને હસીશું દિલના દરદને લપટી રહીશું,**
**રીત હજાર છે જીવનની ઢંગહજારો છે મરવાના !**

**(પૃ.૬૦૮)**

◈◈◈

**ગાલગા લગાગાગા ગાલગા લગાગાગા (૨)**

**દીવડા છે શ્રદ્ધાના કોડિયા છે નિષ્ઠાના,**

**મારી આંખના દીવા દોસ્ત, દીપ ઘીના છે!**

**કોણે કીધું છોરા છે કે નથી જરી કોરા,**

**કિન્તુ શ્વાસ આ મારા જો, ઉજાસ ભીના છે!**

**(પૃ.૮૨૦)**

◈◈◈

'ગઝલ કલા અને કસબ' એ ઘાયલ સાહેબનું ગઝલ વિશેનું એક ઉત્કૃષ્ટ પુસ્તક છે. એમાં પણ તેમણે ગઝલના છંદશાસ્ત્ર વિશે ઊંડાણથી સમજ આપી છે. છંદસફાઈ, છંદવૈવિધ્ય અને છંદોની વિશિષ્ટ લઢણ ઘાયલસાહેબની ગઝલમાં ટકોર ઠેર ઠેર જોવા મળે છે. ઉર્દૂ, ફારસી ગઝલના અભ્યાસી આ ગઝલનું છંદવૈવિધ્ય કેવું છે તે જોઈએ.

**❋ રમલ :**

ગુજરાતી ગઝલમાં સવિશેષ ખેડાતો અને નવોદિત ગઝલકારનો પ્રિય છંદ રમલ છે. રમલના વિવિધ આર્વતનો દ્વારા 'ઘાયલ' સાહેબે અનેક ગઝલોનું સર્જન કર્યું છે.

***"તાલ લય અહેસાસ સ્પંદન આપશે***

***આપ્યું છે જો દિલ, તો ધડકન આપશે."***

***(પૃ.૮૫૪)***

***ગાલગાગા ગાલગાગા ગાલગા***

ઉપરોક્ત રમલ ષષ્ટ સ્તંભથી મહજૂફ નામે ઓળખાતો છંદ ભારને પ્રબળ રીતે પ્રગટ કરે છે. એ જ રીતે,

***"હોય છે આખો પરંતુ શેરાની હોતી નથી,***

***દુશ્મની જરા હોય છે, ત્યાં દોસ્તી હોતી નથી."***

***(પૃ.૮૪૨)***

*ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા*

❋ મૃતકારિબ :

*"ખપે ના અમસ્તો ઈશારો ખપેના,*

*મને પ્રેમ જૂઠો તમારો ખપેના."*

*(પૃ.૮૧૩)*

*લગાગા લગાગા લગાગા લગાગા*

❋ હજઝ :

*"ગુલાબી ગાલ પર લટની પડે, એ ભાત લાવ્યો છું,*

*દિવસ જેવા દિવસને રાત જેવી રાત લાવ્યો છું."* *(પૃ.૮૨૪)*

*લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગા*

ઉપરોક્ત છંદના આવર્તનો વધારી અથવા ઓછા કરીને પણ આ ગઝલકારે ગઝલો લખી છે. જેમકે,

*"સભા ઉત્કંઠ છે સાંભળવા જેને,*

*તમે એ ગુફતેગો છેઃ સતલસ છો."*

*(પૃ.૮૧૨)*

*લગાગાગા લગાગાગા લગાગા*

એ જ રીતે ગુજરાતી ગઝલમાં આજે થોડા મિશ્રો છંદોનું ખેડાણ પણ જોવા મળે છે. જેમાં 'ઘાયલ' સાહેબ જેવા સર્જક હથોટી સુપેરે નોંધી શકાય તેમ છે તેવા થોડાક શેર જોઈએ.

*ખદીફ ષષ્ટ સ્તંભી મખબૂન.*

*ગાલગાગા લગાલગા ગાગા*

*"ઝૂંપડીમાં બિછાવી છે જન્નત,*

*આવજે ફૂલ મુકાય, બેઠા છે."*

*(પૃ.૨૨૬)*

*"મુઝારિઅ અષ્ટસ્તંભી અબરખ*

*ગાગાલ ગાલગાલ લગાગાલ ગાલગા*

*'ઘાયલ' એ પંથ અઘરો છો અંધકાર હો !*

*શ્રદ્ધા તણો અલોપ સિતારો નથી થયો."*

*(પૃ.૨૭૭)*

*હજઝ અષ્ટસ્તંભી અબરખ*

*ગાગાલ લગાગાલ લગાગાલ લગાગા*

*"આધાર છું તું જેમનો હું એ જ તો જગ છું,*

*એ વાત અલગ છે કે અનાદિથી અલગ છું."* *(પૃ.૪૧૩)*

*મુજલસ અષ્ટસ્તંભી મજબૂન :*

*લગાલગા લલગાગા લગાલગા ગાગા*

*"બધા સંબંધ પરિચય બધા વિસારી જો,*

*કૃતિને દોસ્ત બધા વળગણો ઉતારી જો."*

*(પૃ.૬૩૨)*

'ઘાયલ' સાહેબની ગઝલમાં છંદવૈવિધ્ય અપાર છે. કયારેક જવલ્લે જ ગુજરાતી ગઝલકાર છંદો ખેડ્યા હોય એવા છંદો પણ એમની ગઝલોમાં મળી આવે છે. પ્રચલિત છંદો, મિશ્ર છંદોની સાથે સાથે ઘણી ગઝલો એવી છે. જેમા નવા છંદોનું ખેડાણ પણ એમણે કર્યું છે. જે માત્ર પરંપરામાં શાયરોમાં કયારેક દેખા દે છે. તે સબબના ઉદાહરણો જોઈએ.

*લલગાગા લગા લગા ગાગા*

*ખુશીથી રાખ તું મલ્હાર આંચકા ના આપ*

*વિકલ્પે તે મને કેદાર આંચકા ના આપ.*

*ગાલલ ગાગા   ગાલલ ગાગા*

*જ્યારથી ગભરું આંખ હસી છે,*

*મનમાં સોસો વાત વધી છે.*

*(પૃ.૩૪૬)*

*ગાલગા   લગાગાગા   ગાલગા   લગાગાગા*

*મારી આ મજલમાં મેં કેડી કૈં ઉજાળી છે,*

*એક મશાલની પેઠે મારી જાત બાળી છે.*

*(પૃ.૮૧૯)*

*ગાગાલ   ગાલગાગા*

*તૃણ શીરા ઉંચકે તો !*

*થઈ વી જ ત્રાટકે તો !*

*(પૃ.૬૦૦)*

આમ, ગુજરાતી ગઝલમાં પ્રચલિત છંદોમાં વિવેશ તેમનું ખેડાણ જોવા મળે છે. જેવાકે (લગાગાગા)ના ચાર આર્વતન, ગાલગાગાના (ચાર આવર્તન) વગેરે ઉપરાંત મરારિઅ, હજઝ, ખરીફ઼ેવા મિશ્ર છંદોને પણ આ સર્જક સહજતાથી ઉપયોગ કરી જાણે છે. તેમનું છંદવૈવિધ્ય ગુજરાતી ગઝલકારો માટે વરદાનરૂપ છે. છંદસફાઈ તેમજ છંદોમાં આવતી છૂટને બખૂબી રીતે આ સર્જક લયના આવર્તનમાં નિભાવી જાણે છે.

## ૧૦. મુક્તકો :

મુક્તક એ ગઝલની પરંપરામાં એક વિશિષ્ટ નાનું સ્વરૂપ હતું. આજે પણ મુક્તકો ઠીક ઠીક પ્રમાણમાં લખાય છે. હાઈકુ, દુહા, તાન્કા, લઘુકાવ્ય, રૂબાઈ, ત્રીપદીની જેમ મુક્તક પણ લઘુકાવ્ય સ્વરૂપ છે. મુક્તક સ્વરૂપ જોઈએ તો પ્રથમ પંક્તિમાં એની પ્રસ્તાવના અને બીજી પંક્તિમાં તેનું અનુમોદન થાય. ત્રીજીમાં એનું રહસ્ય ઊભું કરે જે ભેદ ઘૂંટાય કે ચોથી પંક્તિમાં ચોટદાર રીતે રહસ્યો ઉદઘાટન થાય છે. આ મુક્તની એક

સામાન્ય વિભાવના છે. જેના એક વિચારભાવ પૂર્ણ રીતે વ્યક્ત થાય છે. પરંપરાના શાયરો જેવા કે મરીઝ, સૈફ, શૂન્ય, શયદા વગેરે પાસેથી નમૂનેદાર મુક્તકો પ્રાપ્ત થયા છે. ઘાયલસાહેબ પાસેથી આઠ સંગ્રહોની વચ્ચે લગભગ બે શતકની આસપાસ મુક્તકોનો સારો એવો ખજાનો હાથ લાગે છે. મુક્તકોમાં પ્રેમસભર લાગણી પોતાના આત્મકથનાત્મક સંવાદો, દલિત–પીડિતની વેદનાઓ, સામાજિક–ધાર્મિક માન્યતાઓ વગેરે ભાવસંવેદનાઓ પ્રગટ થતી જોવા મળે છે. પ્રથમ સંગ્રહ 'શૂળ અને શમણાં'માં દસેક મુક્તક તેમણે ગઝલની શરૂઆતમાં આપેલાં છે. તેવી જ રીતે 'રંગ' ગઝલસંગ્રહની અંદર આશરે ૭૦ જેટલા મુક્તકો છે. એવી જ રીતે 'રૂપ' સંગ્રહમાં ૪૨ 'ગઝલ નામ સુખ'માં આશરે ૮૫, આશ્ચર્ય વચ્ચે ૧૦ અને આખરી સંગ્રહ 'પશ્ચાત'માં આશરે ૭૦ જેટલાં મુક્તકો જોવા મળે છે. ગઝલની જેમ જ મુક્તકોમાં પણ મયપરસ્તી સુંદર રીતે વ્યક્ત થયેલ જોવા મળે છે. જેના શરાબની સંગત અને પોતાની સૂફીવાદી વિચારસરણી બંનેનું મિશ્રણ કરીને મુક્તકમાં સુંદર રીતે વણી લીધેલ જોવા મળે છે. જે સબબ થોડા મુક્તક જોઈએ.

***"રંક આવે છે રાય આવે છે!***
***સંત પણ કેટલાય આવે છે,***
***એકલો હું નથી જાતો 'ઘાયલ'***
***મયકદમાં ઘણાય આવે છે."***

*(પૃ.૨૪૬)*

◈◈◈

***"નૂર તો નૂર બરી દે સાકી !***
***આગ તો આગ નરી દે, સાકી !***
***ટેવ જૂની છે મને તારા સમ***
***હું નહીં જાઉં મરી, દે સાકી !"*** *(પૃ.૨૪૫)*

ધર્મના નામે સમાજમાં ચાલતા વેપલા વેપાર વેડા અને અંધશ્રદ્ધાના ધૂમ્મસીયા જંગલો ઊભાં થયાં છે. જેનાથી સત્ય તો કયાંય દૂર ચાલી ગયું છે અને હવે માત્ર ધર્મના નામે ઉકરડા ઠલવાય છે. ઘાયલે પોતાનો આક્રોશ ગઝલમાં છે એમ મુક્તકોમાં પણ ઠાલવ્યો છે તે અંગે થોડાક મુક્તકો જોઈએ.

*“નથી પઢતો નમાજ, તેથી ખુદા,*
*રડવું–રગવું મનેય નથી,*
*તારા બંધ મૂકે કોઈ આગળ*
*જાણું છું એ તને પસંદ નથી.”* (પૃ.૯૧૭)

◈◈◈

*“એ ભલે ધર્મના ધ્વજો ખોડે,*
*એ ભલે ભીંતે પોસ્ટરો ચોડે*
*તું તો ‘ઘાયલ’ ખેલદિલ શાયર*
*તારે શું લાગે ધર્મની જોડે.”*

(પૃ.૯૧૯)

પ્રણય એ ઘાયલનો ગમતો વિષય છે. જેમાં રૂપ, સૌંદર્ય, મિલન, જુદાઈ, મનામણાં, રિસામણા એમ પ્રેમના તમામ ભાવો તેમના મુક્તકમાં અભિવ્યક્ત થયેલ જોવા મળે છે. પ્રથમ મિલન હોય ત્યારે પ્રેમી અને પ્રેમિકા વચ્ચે કેવી સ્થિતિ સર્જાય છે તે અંગે એક મુક્તક જોઈએ.

*“વાત હું કરતો હતો કંઠ રૂંધાતો હતો,*
*બોલ પણ એકાદ ના એનાથી બોલાતો હતો,*
*બે જવાની મિલનની હાય એક રંગીન પળ,*
*રૂપ શરમાતું હતું ! ને પ્રેમ ગભરાતો હતો.”*

(પૃ.૨૬૨)

પ્રેમવિષયક થોડાંક વધુ મુક્તકો જોઈએ.

*“દષ્ટિ દષ્ટિ થકી બચાવીને,*
*લાજમાં અર્ધ મુખ છૂપાવીને,*
*હાયા ‘ઘાયલ’ એ કોઈનું હસવું*
*હોઠ દાંતો મહી દબાવીને.”*

*(પૃ.૨૬૧)*

◈◈◈

*“ઝૂમતો જાઉં છું,*
*ઘૂમતો જાઉં છું,*
*હાથમાં હાય છે,*
*ચૂમતો જાઉં છું.”*

*(પૃ.૩૬૮)*

◈◈◈

*“સજ્જ આટલી ન હોય સદા અંગડાઈની,*
*તાલીમ લીધી લાગે છે એણે ચડાઈની,*
*ન્હોતી ખબર કે આવો લડાયક હશે મિજાજ*
*આવે છે વાતવાતમાં ધમકી લડાઈની.”*

*(પૃ.૬૭૪)*

સમાજમાં થતા ઉચ્ચનિચ્ચના ભેદભાવ અને દલિત–પીડિત વ્યક્તિઓના શોષણ અંગે આજે પરિસ્થિતિ કથળી છે. સતત બેકારી, ભૂખમરો, ભ્રષ્ટાચાર, મોંઘવારી જેવી સમસ્યામાંથી સમાજ આજે સાવ નંખાઈ ગયો છે. આ તમામ સમસ્યાઓ ઘાયલસાહેબના મુક્તકોમાં વાસ્તવવાદી ચિત્રો બનીને ઝિલાય છે. જેમાં વેદનાનો સૂર

અને પીડાની કરપીણ યાતના છૂપાયેલી નજરે ચડે છે. જેની પ્રતીતિ કરાવતાં થોડાંક મુક્તકો :

*"સાવ મારગની ઓ બારી છે,*
*પાપિયાની જ ત્યાં પથારી છે,*
*ઈ દશ્યે રંભલી, નથી જાવું !*
*ઈ મૂઓ શેઠિયો શિકારી છે."*

*(પૃ.૨૯૦)*

◈◈◈

*"એકાદ નહીં આ ભારતમાં ઈન્સાન કરોડો એવા છે.*
*ના સીમ મહી કો ખેતર છે કે ગામ મહીદાર રહેવા છે.*
*આ રક્તપીતિયા, આ ધાનમૂઆ, આ ઠેબે ચડતા મુડદાઓ*
*મરવું છે પણ મરતાંયે નથી, જીવનના ભૂખ્યા કેવા છે."*

*(પૃ.૨૯૫)*

◈◈◈

*"ચોર થઈ શાહુકાર લૂંટે છે,*
*છડે ચોક ધરાર લૂટે છે,*
*છે નિરાળી ગતિ સમયની પણ*
*આંધળાઓ બજાર લૂંટે છે."*

*(પૃ.૨૯૨)*

◈◈◈

*રખે માનીલો હું બહુ સુખી છું*
*કે તારી પેઠે હું બાપડો છું,*
*ફરક છે એટલો તું 'ઈદનો' છે,*

*અને હું માનતાનો બોકડો છું."*

રૂબાઈની જેમ જ ગુજરાતી ગઝલમાં મુક્તકો સવિશેષ લખાતા વેંચાતા અને પ્રગટ થતા રહ્યા છે. શેરમાં જ્યારે એક વિચાર પ્રગટ ન થઈ શકે ત્યારે મુક્તકોનો સહારો લેવામાં આવે છે. ઘાયલસાહેબનાં મુક્તકો પણ એવાં ધારદાર અને વિચારસૌંદર્યથી લયબદ્ધ છે. તેઓનું ઉપરોક્ત મુક્તક હિન્દુ, મુસ્લિમ ધાર્મિક માન્યતા અને સામાન્યતાને પ્રગટ કરતો ધારદાર પ્રશ્ન ઊભો કરે છે. બોકડાની આપણે ત્યા જીવહત્યા માટે ઉપયોગમાં લેવાતું એક મૂંગુ પ્રાણી છે. તે વિશે 'ઘાયલ'ની જીવપ્રેમી તરીકેની લાગણી વ્યક્ત થયેલ જોવામાં મળે છે.

*"માનવીમાં મહેકતી સચ્ચાઈની,*
*ખેવના જો હોય ભલમનસાઈની,*
*ત્યાગ, મન, આશા અને સૌ એષણા,*
*મરતબાની, માનની, મોટાઈની."*

*(પૃ.૨૭૩)*

અહમ્ માણસનો મોટો શત્રુ છે. દરેક માણસને અહમ જ નડતરરૂપ બને છે જો માણસ અહમને પોષનાર તમામ બાબતોનો જ ત્યાગ કરે તો આવો કોઈ પ્રશ્ન ઊભો ન થાત. તેથી ઘાયલ મનને જ તમામ આશાઓ અને ઈચ્છાઓનો ત્યાગ કરવા ઉપરોક્ત મુક્તકમાં અનુરોધ કરે છે.

## ૧૧. ઘાયલની નઝમો :

શ્રી અમૃત ઘાયલે મુખ્યત્વે ગઝલસર્જન જ વિશેષ કર્યું છે. તેમ છતાંય તેમણે મુક્તક અને નઝમ પણ રચી છે. આપણે જાણીએ છીએ કે નજમનું સર્જન ગઝલ કરતાં ઓછું છે તેમ છતાંય ઘાયલે ઘણી સીધી, સરળ અને ચોટદાર નઝમોનું સર્જન કર્યું છે. નઝમની વિભાવના જોઈએ તો આપણા ગુજરાતી ગીત સ્વરૂપને મળતી આવે છે. તેમ નઝમમાં પણ એક જ ભાવને ઘૂંટવામાં આવે છે. ભાવ, વિચાર અને પોતાની આગવી

શૈલીથી ઘાયલે નઝમમાં પણ પોતાના સર્જનત્વની છાપ છોડેલ છે. 'જાગો' નઝમમાં ભારતના નવા યુવાનોને પોકાર કરીને જાગતૃ થવા પ્રેરણામય એક લયબદ્ધ સુંદર નઝમ લખી છે. જેમાં ભારતનું તકદીર જગાડવા અને પોતાની જાતને પરિશ્રમરૂપ પારસમણિ બનાવવા જાતને ઘસી નાખવાની વાત ઘાયલ કરે છે.

*"સાચે સાચા વીર તમે છો,*
*મીર તમે છો પીર તમે છો,*
*તેગ તમે છો તીર તમે છો,*
*ભારતનું તકદીર તમે છો,*
*સાચા તમે છો પ્રાણ જવાનો,*
*હાડ કરીલો પ્હાણ જવાનો."* (પૃ.૫૦૧)

વરસાદ એ દરેક કવિ–સર્જક માટે આનંદનો વિષય છે. એ રમ્ય ઘડી વચ્ચે દરેક જીવ મોરની જેમ થનગનતા લાગે છે. ઘાયલે 'વર્ષા' નામની નઝમમાં શ્રાવણના ધોધમાર વરસાદને કાગળ પર આબેહૂબ ઉતારી નાખ્યું છે. જુઓ :

*"અસિ જેવી ચમકતી વીજળી ચમકી કડાકાબંધ,*
*અને ગરજી ઉઠયા કૈ વાદળો નભમાં ગડાકાબંધ*
*સલિલ તૂટી પડ્યા સોહામણા જગ પર તડાકાબંધ*
*કશે બાંધ્યું નથી રહેતું જગત પર પાણી બંધનમાં*
*વર્ષા આવીને આવ્યું નવજીવન પ્રત્યેક જીવનમાં."*

(પૃ.૫૦૭)

આ ઉપરાંત 'ઈદ', 'આંચ'ઘ 'માતની હાકલ', 'કચ્છનું પાણી', 'ત્યાગપત્ર', 'શાયર' વગેરે જેવી નઝમોમાં વ્યક્તિગત ભાવો સુંદર રીતે વ્યક્ત કરી નઝમ સાહિત્ય સ્વરૂપમાં પણ પોતાનું યોગદાન આપ્યું છે.

જીવનની અવનવી પરિસ્થિતિઓ અને વ્યથાઓને પ્રગટ કરતી તેમની અનેક નઝમોમાં જોવા મળે છે. આ તકે તેમાંથી અમુક અંશો જોઈએ તો તે વાતની દષ્ટિ થતી જોવા મળે છે.

*"બસ કમર આમ ઘણી કસી નાખું છું,*
*કદી પરિણામની દરકાર નથી કરતો હું,*
*ચાપલૂસી બની લાચાર નથી કરતો હું*
*હોય રડવાના દિવસ ને હસી નાખું છું."*

*(પૃ.૫૮૪)*

◈◈◈

*"કંઠથી ગીત જશે છલકાઈ,*
*રંગ કયારેક જશે રેલાઈ,*
*આ દીવાલો અને આ ઈંટ મહીં*
*લાજતી રહેશે સતત શહેનાઈ."* *(પૃ.૫૮૨)*

◈◈◈

*"કહેતા ફરો છો ગરીબી નિવારો,*
*અને નિજ મતામાં કરો છો વધારો,*
*હવે હદ થઈ બસ કરો પરગજુઓ*
*ભલા થઈ કરો બંધ ભૂંડો લવારો."*

*(પૃ.૫૮૦)*

અમૃત ઘાયલ પોતે એક સત્યવક્તા અને આખાબોલા માણસ હતા તેઓએ ભારતના પ્રધાનમંત્રીશ્રી જવાહરલાલ નહેરુને પણ ભારતની દયનીય સ્થિતિનું ચિત્ર રજૂ કરતી નઝમ સંભળાવેલ જે નઝમમાં રાજકારણની કપરી સ્થિતિ અને લોકોનું દુઃખદર્દ પ્રસ્તુત થાય છે.

*"મેલું ઘેલું મકાન તો આપો,*
*ધૂળ જેવુંય ધાન તો આપો,*
*સાવ જુદું શું કામ બોલો છો,*
*કોક સાચી જબાન તો આપો."*

◈◈◈

*"થોડો ઝાઝો હિસાબ તો આપો,*
*ખોટો સાચો જવાબ તો આપો,*
*બાગમાં ભાગ છે અમારો પણ*
*એક વાસી ગુલાબ તો આપો."*

*(પૃ.૫૮૧)*

## ૧૧. કલ્પન/ પ્રતીકનો પ્રયોગ :

ગુજરાતી સાહિત્યના આધુનિક કાવ્ય પ્રવાહની શરૂઆત કલ્પન પ્રતીક તરીકે નવી નવી યુક્તિપ્રયુક્તિઓ નિર્માણ પામી. ઘાયલ જેવા સર્જકની કલમ પણ કલ્પન પ્રતીકનો ઉચિત ઉપયોગ થયેલ જોવા મળે છે. વિવિધ ઈન્દ્રિયથી ભાવકલ્પનને પામી શકાય છે. તેથી તેમની ગઝલમાં આવા વિવિધ કલ્પનો અને પ્રતીકો જોવા મળે છે.

કાવ્યમાં બધા ઘટકો અરસપરસ સંકળાયેલા હોય છે. તેમની વચ્ચે કેવળ ભૌતિક જ નહીં, ચૈતસિક સંબંધ હોય છે. કાવ્યના ઘટકો જેવા કે શબ્દ, અર્થ, લય, અલંકાર, પ્રતીક, પુરાકલ્પન વગેરેનો આંતરિક સંબંધથી કાવ્યમાં દૈવત ઊભું થાય છે. ગુજરાતીમાં પ્રતિમા, બિંબ, પ્રતિરૂપ, ચિત્રકલ્પ, ભાવચિત્ર જેવા પર્યાય ધરાવતી અને વ્યાપકપણે સર્વસ્વીકૃત એવી 'કલ્પન' સંજ્ઞા પાશ્ચાત્ય વિવેચનની Image સંજ્ઞાના અર્થમાં સ્વીકારાયેલી જોવા મળે છે. ઉક્તિવિશેષ સાથે ગુંથાયેલ મૂર્ત સઘન 'ઈન્દ્રિય ગોચર તત્ત્વનો નિર્દેશ કરી ઉક્તિવિશેષના મૂર્ત પદાર્થો દ્વારા વ્યંજિત થતાં ભાવ કે વિચારને

સ્પષ્ટ કરી અને ઉક્તિવિશેષમાં ગૂંથાયેલા પદાર્થો અને તેની સાથે વ્યંજિત થયેલી લાગણીઓ, વિચારો અને તે સર્વના સંકુલ પુદ્ગલને રજૂ કરી કલ્પનને પામવાનો પ્રયત્ન થતો હોય ઘાયલસાહેબની કાવ્ય ઈબારતમાં આવી વિવિધ કલ્પનશ્રેણીમાં જોવા મળે છે.

***"મારી જીવન વીણાના કંપી રહ્યા છે શ્વાસ,***
***કોણ એ ભવાં કરે છે ઉરદ્વારથી ઈશારો!"***

***(પૃ.૧૪૪)***

પ્રસ્તુત શેરમાં જીવનને વીણાનું રૂપ આપી તેના તાર કંપી રહ્યા છે. પ્રથમ મિસરાની આ પંક્તિમાં શ્રુતિ કલ્પન બોધ સહજ થઈ આવે છે.

***"ફૂંકી દીધું જીવનને આહોથી 'ઘાયલે' આજ***
***જુઓ ઊડી રહ્યા છે ગિરનાર પર ધૂમાડા."***

***(પૃ.૧૩૬)***

સર્જક 'ઘાયલ' પોતાના જીવનની નિર્લેપતા પ્રસ્તુત કરવા માટે ખૂબ જ અતિશયોક્તિભર્યું નિવેદન અહીં કરે છે. જીવનને અહીંથી ફૂંકી દીધું છે તેથી જ ગિરનાર જેવા વિશાળ વ્યક્તિત્વ પરથી ધૂમાડા નીકળી રહ્યા છે. તેથી અહીં દશ્યકલ્પનની એક સુરેખ રેખા નજરે પડે છે.

***"કઠણ ભાવોથી કોમળ હૈયા પણ ખાલી નથી હોતા,***
***પટ્ટીઓ હોય છે લોઢાની ફૂલોની કમાનોમાં."***

***(પૃ.૧૮૯)***

કોમળ વસ્તુ ઉપર કઠોર વસ્તુનો સ્પર્શ કેટલો દુઃખદાયી છે. જે રીતે કોમળ હૈયા દુઃખ અડોઅડ હોય છે. તેથી પ્રથમ મિસરામાં આ વાતનો દાવો કરી કવિએ સરસ દલીલ મૂકી આપી છે. ફૂલોની કમાન ઉપર જેમ લોઢાની પટ્ટી હોય છે એમ જ કોમળ હૈયામાં કઠોર ભાવ હોય છે. અહીં સ્પર્શકલ્પનની સહજતા જોવા મળે છે.

*"છે આસપાસ જુલ્ફ તણા ઈત્રની મહક,*
*મ્હેકી રહી છે રાત–લખું તો હું શું લખું !"*

*(પૃ.૯૦૨)*

પ્રથમ મિસરામાં કાવ્યનાયિકાની ઉપસ્થિતિથી વાતાવરણ પ્રફુલ્લિત છે. તેથી જ બીજા મિસરામાં 'મહેકી રહી છે રાત' લખતા કવિએ સમગ્ર વાતાવરણ અને આ રાત મ્હેકમ્હેક છે તેથી અહીં ગંધનું કલ્પન સુંદર રીતે ભાવને ચિત્રિત કરે છે.

*"નીરાલો હોઠ એટલે એ અધર,*
*ખુશનુમા તેજનું પતાસું છે."*

*(પૃ.૪૯૦)*

કવિએ પ્રિયતમાના હોઠની વિશિષ્ટતા પ્રસ્તુત કરવા માટે પતાસાની ઉપમા આપી છે. કલ્પનશ્રેણીમાં આ સ્વાદનો બોધ કરાવે છે. તેથી જ ઘાયલસાહેબ બીજા મિસરામાં પ્રસ્તુત કરેલ 'ખુશનુમા તેજનું પતાસું છે' એ કલ્પન દ્વારા સ્વાદનો અનુભવ થાય છે.

*"ઝૂરે છે દિશાઓ અને ભેંકાર રડે છે,*
*સો રાત અજંપાની અગાસી છે ખબર છે."*

*(પૃ.૪૨૦)*

ઉપરોક્ત શેરમાં દિશાઓનું ઝૂરવું અને ભેંકારનું રડવું જાણે દેહાવસ્થાબોધનું કલ્પન નિર્માણ પામે છે. આખી રાત અજંપાની અગાસી બની છે. તેથી અહીં દશ્ય, દેહાવસ્થા એમ બબ્બે કલ્પનોનો અનુભવ થાય છે. આ કલ્પનો દ્વારા કવિએ પોતાની એકલતાને ભયાવહ રીતે રજૂ કરી છે.

આમ, વિવિધ કલ્પનો જેવા કે દશ્ય, શ્રૃતિ, સ્પર્શ, ગંધ, રંગ, ઘ્રાણ, દેહાવસ્થા વગેરે જેવા રજૂ કરી ગઝલકાર ઘાયલ સાહેબે વિવિધ ભાવચિત્રો પ્રસ્તુત કરવામાં ધાર કાઢી છે.

આધુનિક સાહિત્ય–વિવેચનસંદર્ભે કવિની અભિવ્યક્તિમાં નિરૂપિત પદાર્થ અથવા તો કોઈ ઘટના સર્જકચિત્તમાં પડેલા વિશિષ્ટ ભાવસંવેદનોના સંકુલનો સંકેત રચે છે. એમ લાગે ત્યારે એ પદાર્થ કે ઘટના પ્રતીક તરીકે કામ કરે છે એમ કહી શકાય. નવા–નવા પ્રતીકો અથવા જૂના પ્રતીકોને નવા સંદર્ભમાં પ્રયોજવાની શોધ પ્રત્યે કાળે કવિ ગઝલકાર કરતો હોય છે. સાહિત્યમાં પરંપરાગત પ્રતીકોનો વિનિયોગ વારંવાર થતો રહ્યો છે. સાથે સાથે નવા પ્રતીકોનું નિર્માણ પણ સર્જક પોતાની આગવી સર્જક સર્ગ–પ્રતિભાના બળે કરતા હોય છે. ઉર્દૂ, ફારસી પરંપરાથી ચાલ્યા આવતા પ્રતીકો ભાવસંવેદનો ઉપરાંત પણ 'ઘાયલ' જેવા સર્જકે તેમા ઉમેરો અને નાવીન્ય પેદા કર્યું છે. સનમ, સાકી, સુરા જેવી ઘસાઈ ગયેલી પ્રતીકશ્રેણીમાં આ સર્જકે સાવ તળપ્રદેશની લોકબોલીનો ઉપયોગ કરી નવા–નવા પ્રતીકોનું ઉમેરણ કર્યું.

***"બડો ચબરાક છે, સંગ એમનો કરવો નથી સારો,***
***નદી જેવી નદીને પણ ભગાડી જાય છે દરિયો!"***

***(પૃ.૩૫૯)***

પ્રણય સંવેદનને પ્રસ્તુત કરવા કવિએ નદિ અને દરિયાનું પ્રતીક રચી પ્રેમી અને પ્રેમિકાની વાત કરી છે. જે દ્વારા દરિયાની ચબરાકી પ્રસ્તુત કરી પ્રેમિની લાગણી વ્યક્ત કરી છે.

***"અંદર બહાર એમ સતત ધૂંધવાય છે,***
***લાગી છે આગ જાણે કે ભીનો કપાસમાં."***

***(પૃ.૪૬૯)***

ઉપરોક્ત શેરમાં 'ભીનો કપાસ' એ અંદર અંદર કોઈ પીડા છે તેનું પ્રતીક છે તેથી અહીં કાવ્યનાયક પોતાની ભીતર કંઈક પીડા છે જેથી તેની અંદર કોઈ ભીના કપાસ જેવું ધૂંધવાય છે.

***"બે વાત કરીને પારેવાં થઈ જાયે છે આડાંઅવળાં,***
***કે આમ પરસ્પર ગૂંથાઈ, વીખરાઈ જવામાં લિજ્જત છે."***

***(પૃ.૩૬૮)***

ઉપરોક્ત શેરમાં 'પારેવા' પ્રતીકાત્મક રીતે પ્રેમિઓની મિલન ક્ષણ વર્ણવે છે. કૈંક આમ જ માત્ર નિસ્વાર્થભાવે મળી અને છૂટા પડવું જોઈએ.

***"વાચા મળી છે વર્ષો પછી કંઈ વિહંગને,***
***શાંતિથી સાંભળો કે આ કલરવ નહીં મળે."***

***(પૃ.૧૫૯)***

વિહંગને વર્ષો પછી વાચા મળી છે. અહીં વિહંગ પ્રતીકાત્મક રીતે આપણી સામે આવે છે. આ વિહંગ કાવ્યનાયિકા પણ હોય.

કલ્પન, પ્રતીકની જેમજ પુરાકલ્પન પણ પાશ્ચાત્યમીમાંસામાંથી આવેલ એક પ્રકારની રચનારીતિ છે. પુરાકથામાં નિરૂપિત કાળ અતિ દૂરનો ભૂતકાળ હોય છે. સાહજિકતા અને સામૂહિકતા એ કથાના ગુણો છે. સર્વ જનીતતા અને કાલાતીતતા જેવાં લક્ષણોને કારણે આકર્ષણ ઘણું છે. પુરાકલ્પન મનુષ્યના સામાજિક, સાંસ્કૃતિક, ચૈતસિક, ઐતિહાસિક જગત સાથે જોડાયેલું તત્ત્વ છે. જે સાહિત્યકૃતિની સંરચનાના એક ઘટક તરીકે પણ કામ કરે છે. 'ઘાયલ' સાહેબ લોકસંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિના જ્ઞાતા છે. તેમણે ભારતીય પરંપરાને પચાવી છે. ભારતીય કથાસાહિત્યના જાણકાર કવિએ અનેક શેરમાં પુરાકલ્પનનો ઉપયોગ કરેલ છે તે સબબ થોડાક શેર જુઓ–

***"ખરેખર આપણી પ્રીતિ, અતિ સામાન્ય મૈત્રી છે,***
***નથી હું કચ નથી તું દેવયાની પગથી માથા લગ."***

***(પૃ.૭૨૨)***

કચ અને દેવયાનીની પ્રણયકથા જાણીતિ છે. તેનો સંદર્ભ લઈ અહીં સર્જકે પોતાની પ્રણયલીલા, તેના જેવી છે પણ વ્યાજસ્તુતી અલંકાર વાપરી તેને સામાન્ય કહી

છે. પ્રણયની આ ઊંચાઈને પ્રસ્તુત કરવા કવિ પુરાકલ્પનનો પ્રયોગ સહજ રીતે કરી બતાવ્યો છે.

***"એ મેનકાના નૃત્યમાં એવું તે શું હતું !***
***કે વિશ્વામિત્રનું તપોબળ ઓસરી ગયું."***

વિશ્વામિત્ર મહાન ઋષિ છે અને મેનકા સ્વર્ગની અપ્સરા છે. અહીં ઉપરોક્ત શેરમાં કવિએ મેનકાના નૃત્યમાં એવું શું હશે કે આવા મહાન તપસ્વીનું તપ અને માનસિક સંતુલન ડગી ગયું. તેથી અહીં પુરાકલ્પન દ્વારા કવિએ આ ઘાતક સવાલ સર્વજન સામે મૂક્યો.

***"એનાય વાયદાઓ નથી કેમ અગસ્ત્યથી,***
***એનાય વાયદાય ઋષિના વદાડ છે."*** ***(પૃ.૮૪૮)***

ઋષિ અગત્સ્યમુનિએ તેમના વિધ્યાચળ પર્વતને કહ્યું હતું. હું પાછો ના આવું ત્યાં સુધી તું આમ જ રહેજે. એ પર્વત ત્યાંથી વધતા અટકી ગયો. આ કવિએ આ સંદર્ભ લઈ કવિએ કાવ્યનાયિકના પહાડ એટલે કે વચન સાથે સરખાવી ભાવ વિશિષ્ટ રીતે રજૂ કર્યો છે.

***"કે રામને નામે તર્યા છે પથ્થરો કોટિ,***
***પણ ડૂબવું હો, એને ભલા કોણ ઉગારે."***

***(પૃ.૮૫૩)***

રામને નામે પથ્થર તર્યા એ રામાયણની કથા બહુ જાણીતી છે. પણ કોઈને ખરેખર ડૂબી જ જવું હોય તેને રામ પણ ન બચાવી શકે.

આ ઉપરાંત પણ ઘણા એવા શેરો કે જેમાં પુરાકલ્પનનો (અર્થ) જોવા મળે છે તે સબબ થોડાં ઉદાહરણો જોઈએ.

***"કાશી એ જઈ, નથી મૂકાવી પણ,***
***ડોક કરબતથી ઘરમાં વહેરી છે."*** ***(પૃ.૮૮૪)***

◈◈◈

*“કૃષ્ણના ‘કૃષ્ણ’ છે આ મારો જીવ,*
*ને સુદામાનો પણ સુદામો છે.”*

*(પૃ.૮૯૩)*

◈◈◈

*“જેમણે કાળી નાથ્યો હણ્યો કંસને,*
*એ જંતુકથન છે, કૃષ્ણ ગોપાલ છે.”*

*(પૃ.૯૦૮)*